અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




તમામ વાંચક મિત્રોને
“ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત”
દૈનિક સમાચાર પત્ર પરિવાર તરફથી
ખુબ ખુબ અભિનંદન...



## ૨૬મી જાન્યુઆરી

## આ જ દિવસે ભારત સંપૂર્ણ પ્રજાસત્તાક (ગણતંત્ર) દેશ બન્યો

### બંધારણ બનાવતા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો




। સંકલન : મહેશ કથીરિયા ।

લગભગ સો વર્ષ અંગ્રેજોની હુકુમત હેઠળ ગુલામીની બેડીઓથી મુક્ત થઈને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો. ભારતને અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ અપાવવા માટે અસંખ્ય આઝાદીના ઘડવૈયાઓ, લડવૈયાઓ, ક્રાંતિકારીઓએ જીવનના બલિદાન આપ્યા હતા. આઝાદીના એક વર્ષ પહેલા, ૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ એ નક્કી કરવામાં આવ્યું હતું કે ભારતનું પોતાનું બંધારણ હશે. આ માટે બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. તા.૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ ભારતના બંધારણને મંજૂરી આપી. બંધારણ બનાવવા ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦માં, ભારત સરકાર અધિનિયમ (૧૯૩૫)ને દૂર કરીને ભારતનું બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું. ભારત એક સર્વભૌમ, લોકશાહી ગણતંત્રની ઘોષણા ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ થઇ હતી. ગણતંત્ર દિન ભારતના ત્રણ રાષ્ટ્રીય પર્વમાંનુ એક છે. જ્યારે આ દિવસે ભારત બ્રિટિશ વાલીપણા હેઠળનાં દેશમાંથી સંપૂર્ણ પ્રજાસત્તાક (ગણતંત્ર) દેશ બન્યો હતો. સ્વતંત્ર ભારત પ્રજાસત્તાક બન્યું અને દેશમાં કાયદાનું શાસન સ્થાપિત કરવા ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું હતું. તેના અમલીકરણ માટે ૨૬મી જાન્યુઆરીની તારીખ પસંદ કરવામાં આવી હતી કારણ કે આ દિવસે ૧૯૩૦માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ભારતને પૂર્ણ સ્વરાજ તરીકે જાહેર કર્યું હતું. ભારત રાજ્યોનો એક સંઘ છે. આ સંસદીય પ્રણાલીની સરકારવાળો એક સ્વતંત્ર પ્રભુસત્તા સંપન્ન સમાજવાદી લોકતંત્રાત્મક ગણરાજ્ય છે. આ ગણરાજ્ય ભારતના સંવિધાનના મુજબની સરકાર છે. ઈ.સ. ૧૭૫૭થી ૧૯૪૭ સુધી બ્રિટિશ શાસન હતું. બ્રિટિશ શાસન દરમિયાન આર્થિક, રાજકીય અને સામાજિક શોષણની અસર ભારતીય સ્વતંત્રતા ચળવળના ધીમે ધીમે વધારો વિદેશી નિયમથી સ્વતંત્રતા મેળવવા માટે મદદ કરી હતી. ભારતનું સંવિધાન દુનિયાનું સૌથી મોટું સંવિધાન છે. જેમા ૩૯૫ અનુચ્છેદ અને ૧૨ અનુસૂચિયો છે. સંવિધાનમાં સરકારના સંસદીય સ્વરૂપની વ્યવસ્થા કરવામાં આવી છે. જેની સંરચના કેટલાક અપવાદો ઉપરાંત સંઘીય છે. કેન્દ્રીય કાર્યપાલિકાના સંવૈધાનિક પ્રમુખ રાષ્ટ્રપતિ છે. ભારત સંવિધાનની ધારા ૭૯ના મુજબ, કેન્દ્રીય સંસદની પરિષદમાં રાષ્ટ્રપતિ અને બે સદન છે જેને રાજ્યોની પરિષદ રાજ્યસભા અને લોકોનુ સદન લોકસભાના નામથી ઓળખાય છે. બીજા વિશ્વયુધ્ધની સમાપ્તિ પછી જુલાઈ ૧૯૪૫માં ભારત સંબંધી પોતાની નવી નીતિઓ જાહેર કરી અને ભારતને સંવિધાન સભાના નિર્માણ માટે એક કેબિનેટ મિશન ભારત મોકલ્યુ, જેમા ત્રણ મંત્રીઓ હતા. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭માં ભારત આઝાદ થયા પછી આ સંવિધાન સભાની જાહેરાત થયા બાદ તેણે પોતાનુ કાર્ય ૯ ડિસેમ્બર ૧૯૪૭થી પ્રારંભ કરી દીધુ હતું. સંવિધાન સભાના સભ્યો ભારતના રાજ્યોની સભાઓના નવા ચૂંટાયેલા સભ્યો દ્વારા પસંદગી પામ્યા હતા. જવાહરલાલ નહેરૂ, ડો.બાબાસાહેબ આંબેડકર, ડો.રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામાપ્રસાદ મુખર્જી, મૌલાના આઝાદ વગેરે આ સભાના મુખ્ય સભ્યો હતા. આ સંવિધાન સભાએ ૨ વર્ષ, ૧૧ મહિના, ૧૮ દિવસમાં કુલ ૧૬૬ બેઠક કરી આ બેઠકમાં પ્રેસ અને જનતાને ભાગ લેવાની સ્વતંત્રતા હતી. ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ તમામ સાંસદો અને વિધાયકોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યાર બાદ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ દેશમાં અમલી બનાવવામાં આવ્યું અને ડો.રાજેન્દ્રપ્રસાદ સ્વતંત્ર ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા. આમ ૨૬મી જાન્યુઆરીના ઐતિહાસિક મહત્વને ધ્યાનમાં રાખીને ૧૯૫૦થી દેશમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તા.૨૬મી જાન્યુઆરી- ૭૫માં પ્રજાસત્તાક દિને બંધારણના ઘડવૈયાઓને ભાવાંજલિ આપીએ.. સૌને પ્રજાસત્તાક દિનની શુભકામનાઓ..

### દિલ્હીમાં ૭૭ હજારથી વધુ અતિથિઓ માટે કડક સુરક્ષા વ્યવસ્થા

# દેશના ૭૫માં પ્રજાસત્તાક દિને દિલ્હીમાં અભેદ્ય કિલ્લેબંધી

### ૧૪ હજાર સુરક્ષા કર્મચારીઓ તહેનાત : કમાન્ડો, ક્વિક રિએક્શન ટીમ, પીસીઆર વાન અને સ્વોટ ટીમ પણ અલગ-અલગ સ્થળોએ તહેનાત રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દેશમાં ૭૫માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તૈયારીઓ કરવામાં આવી રહી છે. દિલ્હીના કર્તવ્ય પથ પર ૨૬મી જાન્યુઆરીએ જવાનો કદમતાલ મિલાવતા નજરે પડશે. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે દિલ્હીના દરેક ખૂણે ચાંપતી નજર રાખવા માટે ૧૪ હજાર સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવશે. સ્પેશિયલ કમિશનર (સુરક્ષા) દીપેન્દ્ર પાઠકે જણાવ્યું કે '૭૭ હજારથી વધુ અતિથિઓ માટે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સુરક્ષા કર્મચારીઓ ઉપરાંત કમાન્ડો, ક્વિક રિએક્શન ટીમ (ક્યુઆરટી), પીસીઆર વાન અને સ્વૉટ ટીમ પણ અલગ-અલગ સ્થળોએ તહેનાત કરવામાં આવશે. દિલ્હી પોલીસ કોઈપણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.' સ્પેશિયલ કમિશનર (કાયદો અને વ્યવસ્થા) મધુપ તિવારીએ જણાવ્યું હતું કે, 'વિસ્તારને ૨૮ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે અને દરેક ઝોન પર ડીસીપી અથવા એડિશનલ ડીસીપીના નેતૃત્વમાં દેખરેખ રાખવામાં આવશે. દિલ્હી પોલીસે પણ મુલાકાતીઓની સુવિધા માટે ઘણી તૈયારીઓ કરી છે. પોલીસે મહત્ત્વપૂર્ણ સ્થળો પર ગુમ થયેલ લોકો માટે મિસિંગ બૂથ, હેલ્પ ડેસ્ક, પ્રાથમિક સારવાર અને વાહનોની ચાવીઓ જમાં કરાવવા માટે કેન્દ્રો ઉભા કર્યા છે. દિલ્હી પોલીસે મુલાકાતીઓને સવારે ૮ વાગ્યા સુધીમાં સ્થળ પર પહોંચી જવાની અપીલ કરી છે, જેથી ચેકિંગ પ્રક્રિયામાંથી પસાર થવામાં કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે. આજે રાત્રે ૧૦ વાગ્યાથી દિલ્હીની સરહદો સીલ કરવામાં આવશે અને આ દરમિયાન ભારે વાહનો અને માલસામાનની અવરજવર બંધ કરવામાં આવશે. ૨૬મી જાન્યુઆરીની પરેડ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે પણ એડવાઈઝરી જારી કરી છે. આ મુજબ, ગુરુવારથી પરેડ સમાપ્ત થાય તે દિવસ સુધી કર્તવ્ય પાથથી વિજય ચોક અને ઈન્ડિયા ગેટ સુધી કોઈપણ પ્રકારની ટ્રાફિક અવરજવર રહેશે નહીં.







### ગણતંત્ર દિવસ પર જોવા મળશે ભારતની તાકાત

# ગણતંત્ર દિવસ પર આકાશમાં ગર્જના કરશે રાફેલ અને સુખોઇ

### ૨૯ ફાઇટર એરક્રાફ્ટ, આઠ કાર્ગો એરક્રાફ્ટ, ૧૩ હેલિકોપ્ટર અને એક હેરિટેજ એરક્રાફ્ટ સહિત કુલ ૫૧ એરફોર્સ એરક્રાફ્ટ હવાઈ સ્ટંટ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ભારતના ૭૫મા ગણતંત્ર દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી રહ્યા છે. ફ્રાંસના રાષ્ટ્રપતિ ગુરુવાર (૨૫ જાન્યુઆરી) બપોરે રાજસ્થાનના જયપુર પહોંચશે. તેઓ બે દિવસની ભારત મુલાકાતે આવી રહ્યા છે. તેમની યાત્રા જયપુરથી શરૂ થવા જઈ રહી છે, જ્યાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આમેર કિલ્લો, હવા મહેલ અને જંતર મંતરની મુલાકાત લેશે. આ વખતની પ્રજાસત્તાક દિવસની પરેડ પણ ઘણી ખાસ બનવાની છે.



આ વર્ષે ૭૫માં પ્રજાસત્તાક દિવસના અવસર પર ભારતીય વાયુસેનાના ૫૧ વિમાન કર્તવ્યપથ પર ફ્લાઈપાસ્ટ કરવા જઈ રહ્યા છે. આ વર્ષે ગણતંત્ર દિવસની પરેડ દરમિયાન વાયુસેનાની માર્ચિંગ ટુકડીનું નેતૃત્વ કરવાની જવાબદારી મહિલા અધિકારીઓને સોંપવામાં આવી છે. સ્ક્વોડ્રન લીડર રશ્મિ ઠાકુર, સુમિતા યાદવ, પ્રતિતિ અલહુવાલિયા અને ફ્લાઈટ લેફ્ટનન્ટ કીર્તિ રોહિલ માર્ચિંગ ટુકડીનું નેતૃત્વ કરશે. પ્રજાસત્તાક દિવસ પર વાયુસેનાની માર્ચિંગ ટુકડીમાં ૧૪૪ એર વોરિયર્સ ભાગ લેવાના છે. ગણતંત્ર દિવસના અવસર પર ફાઈટર પ્લેનનું એક આખું દળ વડાપ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનનાની નજર સામે ઉડાણ ભરશે. ૨૯ ફાઈટર એરક્રાફટ, આઠ કાર્ગો એરક્રાફટ, ૧૩ હેલિકોપ્ટર અને એક હેરિટેજ એરક્રાફટ સહિત કુલ ૫૧ એરફોર્સ એરક્રાફટ હવાઈ સ્ટંટ કરશે. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન પણ રાફેલ, સુખોઈ-૩૦, જગુઆર, સી-૧૩૦ અને તેજસ ફાઈટર પ્લેનને અલગ-અલગ ફોર્મેશનમાં ઉડતા જોઈ શકશે. રાષ્ટ્રપતિ મેક્રોન બપોરે ૨.૩૦ વાગ્યે જયપુર એરપોર્ટ પહોંચશે. આ પછી તેઓ જયપુરમાં જ રહેવાના છે. ँ૨ મોદી સાંજે ૫.૩૦ વાગ્યે તેમનું સ્વાગત કરશે અને ત્યારબાદ બંને નેતાઓ જંતર-મંતર, હવા મહેલ સહિતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વના સ્થળોની મુલાકાત લેશે. મોદી અને મેક્રોનનો રોડ શો પણ થવાનો છે. બંને નેતાઓ વચ્ચે સાંજે ૭.૧૫ કલાકે દ્વિપક્ષીય વાટાઘાટો થવાની છે, જેમાં સંરક્ષણ, વેપાર, ભારતીય વિદ્યાર્થીઓ માટે વિઝા વગેરે પર ચર્ચા થશે. દ્વિપક્ષીય ચર્ચા બાદ રાષ્ટ્રપતિ મેક્રોન રાત્રે ૮.૫૦ વાગ્યે દિલ્હી જવા રવાના થશે. બીજા દિવસે સવારે તેઓ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેવાના છે. પરેડમાં ભાગ લીધા બાદ તેઓ હોટલ પરત ફરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તરફથી રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ મેક્રોન માટે વિશેષ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

### રાષ્ટ્રીય વીરતા અને સેવા મેડલોની જાહેરાત

## ગુજરાતના પાંચ આઈપીએસ સહિત અનેક પોલીસમેનને મેડલ મળશે

### આ વર્ષે પોલીસ, ફાયર સર્વિસ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સના ૧૧૩૨ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

૭૫માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીના એક દિવસ પહેલા કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય વીરતા અને સેવા મેડલોની જાહેરાત કરી છે. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી અનુસાર આ વર્ષે પોલીસ, ફાયર સર્વિસ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સના ૧૧૩૨ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે. ગુજરાતના પાંચ આઈપીએસ ઓફિસર સહિત અનેક પોલીસમેનને મેડલ મળશે. વડાપ્રધાનની સલામતી વ્યવસ્થા સંભાળતા એસપીજીમાં ફરજ બજવતા ગુજરાતના આઈપીએસ અધિકારી રાજીવ રંજન ભગતને પ્રેસિડેન્ટ મેડલ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત અમદાવાદ રેન્જના આઈ જી પ્રેમવીર સિંઘ, અમદાવાદ ટ્રાફિકના એડિશનલ પોલીસ કમિશનર નરેન્દ્ર ચૌધરી, બીએસએફના ડીઆઈજી મનીંદર પવાર અને સીબીઆઈમાંથી ડેપ્યુટેશન પરત ફરેલા ગુજરાત કેડરના રાઘવેન્દ્ર વત્સને પ્રેસિડેન્ટ મેડલ એનાયત કરવામાં આવશે.

તમામ વાંચક મિત્રો તેમજ પત્રકાર મિત્રોને ૭૫માં પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભેચ્છાઓ

### અંક બંધ

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ શુક્રવારના રોજ પ્રજાસત્તાક દિન હોવાથી ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત (દૈનિક સમાચાર પત્ર) કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે. જેથી તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૪નો અંક પ્રસિદ્ધ થશે નહી. તા. ૨૮ જાન્યુઆરી રવિવારના રોજથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ કરવામાં આવશે.

- તંત્રી

### ફ્રાન્સના રાષ્ટ્રપતિ બે દિવસની ભારતની મુલાકાતે

# ઈમેનુએલ મેક્રોન ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોન બે દિવસ માટે ભારતની મુલાકાતે આવી પહોંચ્યા હતા. તેઓ આ વખતે ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં આ વખતે મુખ્ય અતિથિ છે. મેક્રોં આજે જયપુર આવી પહોંચ્યાં હતા. જ્યાં આમેરના કિલ્લાની મુલાકાત લીધી હતી. અહીં તેમની મુલાકાત વડાપ્રધાન મોદી સાથે થઈ હતી. આ મુલાકાત દરમિયાન પીએમ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોં વચ્ચે હિન્દ-પેસિફિક ક્ષેત્રમાં સમુદ્રી સહયોગ વધારવા, રેડ સીમાં સંકટની સ્થિતિ, ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધ તથા યુક્રેન-રશિયા વચ્ચેના સંઘર્ષ વિશે ચર્ચા કરવામાં આવી શકે છે. બંને ટોચના નેતાઓ જંતર-મંતરથી સાંગાનેરી ગેટ સુધી એક સંયુક્ત રોડ શૉ પણ કરશે અને હવા મહેલ ખાતે રોકાશે. અહીં એક ફોટો સેશન થશે. ત્યારબાદ બંને નેતાઓ ઐતિહાસિક આલ્બર્ટ હોલ મ્યુઝિયમની મુલાકાત લઈ શકે છે. દિવસના અંતે રામબાગ પેલેસમાં પીએમ મોદી મેક્રોં માટે એક પર્સનલ ડીનરની મેજબાની કરશે. દિલ્હીમાં મેક્રોં કર્તવ્ય પથ પર આયોજિત પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય અતિથિ તરીકે જોડાશે. ફ્રાન્સની સૈન્ય ટુકડી પણ આ પ્રજાસત્તાક પરેડમાં ભાગ લઈ રહી છે. આ સાથે ફ્રાન્સની વાયુસેનાના બે રાફેલ ફાઈટર જેટ અને એક એરબસ ૭૩૩૦ મલ્ટી રોલ ટેક્રર પરિવહન વિમાન પણ સમારોહમાં ભાગ લેશે. મેક્રોં પ્રજાસત્તાક દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેનારા છઠ્ઠાં ફ્રાંસીસી નેતા હશે.

## ૨૮ જાન્યુઆરીના રોજ વડોદરા મંડળના બાજવા સ્ટેશન પર એન્જિનિયરીંગ કામ માટે બ્લોકને લીધે અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વડોદરા-ગેરતપુર સેક્શનના બાજવા સ્ટેશનની લાઈન નં. ૧,૨ અને ૩ ને કરચિયા યાર્ડ થી સીધી કેનેક્ટિવિટી આપવાના સંબંધમાં એન્જિનિયરીંગ કામ માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. જેની વિગતો નીચે મુજબ છે :-

**૨૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ પૂર્ણરૂપે રદ્દ થનારી ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા-અમદાવાદ મેમૂ સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૪૦૦ અમદાવાદ-આણંદ મેમૂ સ્પેશિયલ
૩. ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા-અમદાવાદ પેસેન્જર સ્પેશિયલ
૪. ટ્રેન નંબર ૦૯૪૯૬ અમદાવાદ-વડોદરા પેસેન્જર સ્પેશિયલ
૫. ટ્રેન નંબર ૦૯૩૨૮ અમદાવાદ-વડોદરા મેમૂ સ્પેશિયલ
૬. ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમૂ સ્પેશિયલ
૭. ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ
૮. ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ
૯. ટ્રેન નંબર ૦૯૨૭૬ ગાંધીનગર-આણંદ મેમૂ સ્પેશિયલ
૧૦. ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા મેમૂ સ્પેશિયલ
૧૧. ટ્રેન નંબર ૦૯૩૨૭ વડોદરા-અમદાવાદ મેમૂ સ્પેશિયલ
૧૨. ટ્રેન નંબર ૦૯૩૯૯ આંણદ-અમદાવાદ મેમૂ સ્પેશિયલ

**૨૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રદ્દ ટ્રેન**

- ટ્રેન નંબર ૦૯૨૭૫ આણંદ-ગાંધીનગર મેમૂ સ્પેશિયલ

૨૭ અને ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ રોજ રદ્દ ટ્રેન

૧. ટ્રેન નંબર ૦૯૩૧૫ વડોદરા-અમદાવાદ મેમૂ સ્પેશિયલ
૨. ટ્રેન નંબર ૦૯૨૭૪ અમદાવાદ-આણંદ મેમૂ સ્પેશિયલ

૨૯ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સંપૂર્ણપણે રદ્દ ટ્રેન

- ટ્રેન નંબર ૦૯૩૧૬ અમદાવાદ-વડોદરા મેમૂ

૨૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ આંશિક રદ્દ થનારી ટ્રેનો

૧. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રદ્દ રહેશે.
૨. ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ વડોદરાને બદલે અમદાવાદથી શોર્ટ ઓરિજિનેટ (પ્રાંરભ) થશે. આ ટ્રેન વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રદ્દ રહેશે.
૩. ટ્રેન નંબર ૧૯૦૩૩ વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન વડોદરા અને અમદાવાદ વચ્ચે આંશિક રદ્દ રહેશે.
૪. ટ્રેન નંબર ૧૯૦૩૪ અમદાવાદ-વલસાડ ગુજરાત ક્વીન એક્સપ્રેસ વડોદરા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ(પ્રાંરભ) થશે. આ ટ્રેન વડોદરા અને અમદાવાદ વચ્ચે આંશિક રદ્દ રહેશે.

ટ્રેનોના રોકાણના સમય અને સંરચનાના સંબંધમાં વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# શિયાળાની કડકડતી ઠંડીમાં માટલાના પાણીથી સ્નાનનો અનેરો મહિમા

## સાંજે તેમાં પાણી ભરી, તેને ખુલ્લી જગ્યામાં કે અગાસી ઉપર રાખી, વહેલી સવારે તે માટલાનાં પાણીથી સ્નાન કરવું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

કડકડતી ઠંડીમાં ઠંડા પાણીથી સ્નાન કરવાનો અનેરો મહિમાં વર્ણન કરાયુ છે. ત્યારે અમદાવાદના સ્વામીનારાયણ ગુરુકુલ મેમનગર અને છારોડી ગુરુકુલ ખાતે વિદ્યાર્થીઓ અને ઋષિકુમારો ઠંડા પાણીથી સ્નાન કરશે. આજથી શરૂ થયેલા પોષ પૂર્ણિમાંથી એક મહિના સુધી વિધાર્થીઓ ઠંડા પાણીથી સ્નાન કરશે. માઘ સ્નાનનો અનેરો મહિમા રહેલો છે. માઘ સ્નાન કરવાથી શરીર તદુરસ્ત રહેતુ હોવાનો દાવો પણ કરવામાં આવે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં માટલાનાં પાણીથી (કુંભ કે ઘડાનાં પાણીથી) સ્નાન કરવાથી બારે મહિના સ્વાસ્થ્ય સારું રહે એવી એક માન્યતા પ્રવર્તે છે.



ત્યારે પોષી પૂર્ણિમાથી માઘ સ્નાન માટે ઉત્તમ માનવામાં આવે છે. જે અંતર્ગત અમદાવાદનાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના ૪૯૦ માંથી ૩૯૦ વિદ્યાર્થીઓ આજથી માઘ સ્નાન કર્યુ હતું પોષી પૂર્ણિમાથી લઈને મહા માસની પૂર્ણિમા સુધી ૧ મહિનો વહેલી સવારે ઠંડા પાણીથી સ્નાન કરાશે, જે માઘ સ્નાન તરીકે પ્રસિદ્ધ છે. હવે આખો મહિનો સવારે ૫.૦૦થી ૫.૩૦ દરમિયાન માઘ સ્નાન થશે. દર વર્ષે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરનાં વિદ્યાર્થીઓ અને દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયનાં ઋષિકુમારો અને સંતો ગરમ પાણીની વ્યવસ્થા હોવા છતાં સ્વૈચ્છિક રીતે માઘ સ્નાન કરે છે. માઘ સ્નાન કરવાથી સાહસિકતા, ખડતલપણું, ધાર્મિકતાનાં ગુણો ખીલતા હોવાની માન્યતા છે. ગરમ પાણીની વ્યવસ્થા હોવા છતાં આખી રાત્રિ ચંદ્રની શીતળતામાં મૂકાયેલા માટલામાં ભરેલા પાણીથી કડકડતી ઠંડીમાં વહેલી સવારે સ્નાન કરવાનો પ્રારંભ થશે. ભગવાન સ્વામિનારાયણે પણ સત્સંગીજીવન ગ્રંથમાં માઘ સ્નાનની વિધિ અને ફળશ્રુતિ વર્ણવી છે. જાણે-અજાણે કરેલા પાપ, માઘ સ્નાનથી બળી જાય છે. ભારતીય પરંપરામાં વ્રત-પર્વની સાથે આરોગ્યને પણ સાંકળી લેવામાં આવ્યું છે. માટે જ એકાદશી, ચાતુર્માસ, જન્માષ્ટમી, નવરાત્રિ વગેરે વ્રતો વૈજ્ઞાનિક દૃષ્ટિએ આરોગ્યવર્ધક હોય છે.તીર્થક્ષેત્રોમાં પણ શ્રદ્ધાળુઓ સ્નાન કરશે આ માસ દરમિયાન તીર્થક્ષેત્રોમાં પણ સ્નાનનું મહત્ત્વ છે. શાસ્ત્રોમાં જણાવાયું છે કે, નિવાસની નજીકમાં સમુદ્ર, સરોવર, તળાવ કે નદી ન હોય તો કોરા માટલા લાવી, સાંજે તેમાં પાણી ભરી, તેને ખુલ્લી જગ્યામાં કે અગાસી ઉપર રાખી, વહેલી સવારે તે માટલાનાં પાણીથી સ્નાન કરવું. શાસ્ત્રોમાં જણાવાયું છે કે, નિવાસની નજીકમાં સમુદ્ર, સરોવર, તળાવ કે નદી ન હોય તો કોરા માટલા લાવી, સાંજે તેમાં પાણી ભરી, તેને ખુલ્લી જગ્યામાં કે અગાસી ઉપર રાખી, વહેલી સવારે તે માટલાનાં પાણીથી સ્નાન કરવું.

# સુરતમાં GST તપાસમાં ૨૦૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપાયું

## ટોળકીએ કોના આધારકાર્ડ તેમજ બીજા ડોક્યુમેન્ટનો ઉપયોગ કર્યો તે સમગ્ર ઘટના અંગે ઇકો સેલની ટીમે તપાસ શરુ કરી છે

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતમાં સીજીએસટીની તપાસમાં ૨૦૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ખૂલ્યું છે. ખોટી રીતે ૨૨ કરોડની આઈટીસી લેનાર ૩૪ પેઢીના ૮ સંચાલકો સામે ગુનો દાખલ થયો છે. પહેલી વખત Cgst ના અધિકારી ફરિયાદી બન્યા છે. ભંગાર, લાકડા અને કેમિકલના બિલો બનાવ્યાં હતાં. આ ચીટર ટોળકીઓએ જે પેઢી બનાવી હતી તેમાં મુખ્યત્વે ભંગારનો વેપાર બતાવ્યો હતો. આ ઉપરાંત ટોળકીએ વાપીમાં જે બીલો મોકલાવ્યા હતા તેમાં કેમીકલના બીલો હતાં. નવસારીમાં વેપારીઓને લાકડાના બીલો મંગાવીને બોગસ બીલીંગ કર્યું હતું. આ ટોળકીએ કોના આધારકાર્ડ તેમજ બીજા ડોક્યુમેન્ટનો ઉપયોગ કર્યો તે સમગ્ર ઘટના અંગે ઈકો સેલની ટીમે તપાસ શરુ કરી છે. એક આરોપીની અટક કરી વધુ તપાસ હાથ ધરાઈ છે. આ પહેલા જીએસટી વિભાગે ઠેર ઠેર દરોડાની કાર્યવાહી શરૂ કરી હતી, આ ક્રમમાં હાલમાં જ સુરતમાં ઓછુ જીએસટી ફાઈલ કરનારાઓ સામે કડક હાથે કામ લેવાનું શરૂ કરાયુ છે. જીએસટી વિભાગે ઓછુ જીએસટી ભરનારાઓને નૉટિસ ફટકારી છે, લગભગ પાંચ હજારથી વધુ વેપારીઓને આ નૉટિસ ફટકારવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, સુરતમાં જીએસટી વિભાગે એક્શન લેવાનું શરૂ કર્યુ છે, સુરતના વેપારીઓ પર જીએસટી વિભાગે શિકંજો કસવાનું શરૂ કર્યુ છે, જેમાં જેને પણ ઓછો જીએસટી ભર્યો છે, તેવા વેપારીઓને કર ભરવા માટે નૉટીસ ફટકારવામાં આવી છે. સુરતમાં ૫ હજારથી વધુ વેપારીઓને જીએસટીએ નોટીસ પાઠવી છે. ૨૦૧૭-૧૮ની સ્ક્રૂટીની કરવાની મુદત પૂર્ણ થાય તે પહેલા કાર્યવાહી કરી છે. વર્ષ ૨૦૧૭માં જીએસટી લાગુ કરવામાં આવ્યુ છે. પ્રથમ ૮ મહિનામાં ટેક્સની રકમ ગણતરી કરીને યોગ્ય ભરપાઈ નથી કરી તે તમામ વેપારીઓને નૉટિસ મોકલાઈ છે. આ ઉપરાંત શહેરમાં ૫૦૦થી વધુ કરદાતાઓને ટેક્સ ભરપાઈ કરવા માટે પણ નૉટીસ મોકલાઈ છે. જો ૫૦૦થી વધુ વેપારીઓ ટેક્સ નહીં ભરે તો તેમની મિલકત પર બોજો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે. આ પહેલા સુરતમાં હીરાદલાલના નામે GST નંબર મેળવી મિત્રના ભાઈએ ૧૫.૧૭ કરોડના બોગસ બિલો બનાવ્યા હતા. આ અંગે સુરત ક્રાઈમ બ્રાંચમાં ૫ સામે ગુનો દાખલ થતાં તપાસ ઈકો સેલને સોંપાઈ હતી. જેમાં એક આરોપીની કરવામાં આવી હતી. ભાવેશ ઉર્ફે મુસો અગાઉ ડેટા આપવાના ગુનામાં સાયબર ક્રાઈમમાં પકડાયો હતો. કતારગામમાં હીરા દલાલે પોતાના નામે જીએસટી નંબર લઈ મિત્રના ભાઈને આપ્યો હતો.

## કમુરતા બાદ ફરી લગ્નની સીઝન શરૂ થતા પોરબંદરના બજારોમાં જોવા મળી રોનક

। (એજન્સી) પોરબંદર, તા.૨૫ ।

વર્ષ દરમિયાન અલગ-અલગ તહેવારોમાં બજારમાં ખરીદીનો માહોલ જોવા મળતો હોય છે. અન્ય દિવસોમાં લગ્નસરાની સીઝનમાં બજાર ધમધમતી જોવા મળે છે. પોરબંદરની વાત કરીએ તો હાલ લગ્નસરાની સીઝન ચાલી રહી છે. હાલ જાન્યુઆરી માસમાં પણ ૨ થી ૩ સારા મુહૂર્ત હતા, જેને કારણે બજારમાં ખરીદી જોવા મળી રહી છે. તો આગામી ફેબ્રુઆરી અને માર્ચ માસમાં પણ લગ્ના મુહૂર્ત છે, જેના કારણે પોરબંદરની બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો કપડાં, ઘરેણાં, ફર્નિચર, બુટ-ચંપલની ખરીદી કરી રહ્યા છે. આ લગ્નસરાની સીઝનમાં કેટરર્સ, મંડપ સર્વિસના ધંધાર્થીઓ પણ તડાકો જોવા મળી રહ્યો છે. હાલ બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે, જેને કારણે વેપારીઓ પણ ખુશ જોવા મળી રહ્યા છે. પોરબંદર જિલ્લા મથકનું શહેર હોવાથી જિલ્લાભરમાંથી લોકો પોરબંદર ખરીદી માટે આવે છે.

# સુરતમાં બોગસ ડોક્ટરે બાળકીનો જીવ લીધો

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતના લિંબાયત શ્રીજી નગરમાં રહેતા મૂળ તેલંગાના પરિવારની આઠ માસની બાળકીને તાવ અને ખાંસીની તકલીફ હતી ત્યારે લિંબાયતના એકતાનગરમાં સરકારી હેલ્થ સેન્ટરની પાછળ જ ઘરમાં જ ક્લિનિક ચલાવતા ડોક્ટરે ઈન્જેક્શન આપ્યું હતું. જોકે બાદમાં બાળકીને ડેન્ગ્યુને લીધે મોતને ભેટતા પોલીસે હાથ ધરેલી તપાસમાં ચોકાવનારો ખુલાસો થયો છે. બાળકીને ઈન્જેક્શન આપનાર ડોક્ટર બોગસ છે અને તે પોતાના ઘર ઉપરાંત માન દરવાજા આંબેડકર કોલોનીમાં કોઈપણ ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતો હતો. મૂળ તેલંગાના વતની અને સુરતમાં લિંબાયત શ્રીજી નગરમાં રહેતા રાજકુમાર બલિયા ૮ માસની પુત્રી વેદાંશીને ગત ૨૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ સવારે તાવ અને ખાંસીની તકલીફ હતી. તેથી તેની માતા અંબિકા સારવાર માટે તેમના સમાજના અને લિંબાયત એકતા નગરમાં ઘરમાં જ ક્લિનિક ચલાવતા શ્રીનિવાસ ઉર્ફે ડોક્ટર સીનું લક્ષ્મીનારાયણ ગુદ્દે પાસે લઈ ગઈ હતી. ડોક્ટરે વેદાંશીને થાપાના ભાગે ઈન્જેક્શન આપ્યું હતું, તેમજ દવા પણ આપી હતી. તેમ છતાં તેની તબિયતમાં સુધારો નહીં થતા તેનો રિપોર્ટ કરાવી ફરી બીજા દિવસે તેને બતાવી દવા લીધી હતી. જોકે વેદાંશીની તબિયત બગાડતા તેને ૨૪મી એ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. લિબાયત પોલીસે તપાસ હાથ ધરી તે દરમિયાન જાણવા મળ્યું હતુ કે શ્રીનિવાસ ઉફે ડોક્ટર સીનું પાસે કોઈ પણ પ્રકારની ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતો હતો. આથી આરોગ્ય વિભાગે તેને ત્યાં તપાસ કરી ડિગ્રીની માંગણી કરી ત્યારે તે પોતે કોઈ ડીગ્રી ધરાવતો નથી.

# ધાર્મિક ઉશ્કેરણીજનક વીડિયો અપલોડ કરનારા ૪ની ધરપકડ

। (એજન્સી) વાપી, તા.૨૫ ।

દમણના મુસ્લિમ યુવાનોએ સોશિયલ મિડીયા થકી ઈન્સ્ટાગ્રામ પર બાબરી મસ્જિદની તસ્વીર સાથે સબર જબ વક્ત હમારા આયેગા તબ સર ધડ સે અલગ કિયા જાયેગા જેવી થીમ પર વિડીયો અપલોડ કરાયો હતો. ધાર્મિક ઉશ્કેરણીજનક વિડીયો અપલોડ કરતા ભારે રોષ ઉઠ્યો હતો. પોલીસે ગંભીરતાથી તપાસ કરી ચાર યુવાનોની ધરપકડ કરી ગુનો નોંધ્યો છે. પ્રાપ્ત માહિતિ અનુસાર દમણ ખાતે રહેતા આસિફ ખાન સહિત યુવાનોએ આજે સોશિયલ મિડીયા થકી ઈન્સ્ટાગ્રામનો દુરઉપયોગ કરી ધાર્મિક ઉશ્કેરણીજનક વિડીયો બનાવી અપલોડ કરી જૂથો વચ્ચે દુશ્મનાવટ ઉભી કરવાનું ગંભીર કૃત્ય કર્યુ હતું. અપલોડ કરેલા વિડીયોમાં બાબરી મસ્જિદની તસ્વીર પુષ્ઠભૂમીમાં દર્શાવી સબર જબ વક્ત હમારા આયેગા તબ સર ધડ સે અલગ કિયે જાયેગા જેવી થીમ પર વિડીયો અપલોડ કરાયો હતો. સાથે અભદ્ર ભાષાનો પણ પ્રયોગ કરાયો હતો.

અયોધ્યામાં શ્રી રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રંગેચંગે ઉજવણી કરાયા બાદ આ પ્રકારનો વિડીયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરાતા લોકોમાં ભારે આક્રોશ ઉઠ્યો છે.

વાયરલ કરાયેલા જુદા જુદા વિડીયો અંગે પોલીસે ગંભીરતાથી તપાસ આદરી હતી. વિડીયો અયોગ્ય અને ધાર્મિક રીતે ઉશ્કેરણીજનક લાઈન ધરાવતો હોવાનું સ્પષ્ટ ફલિત થતા પોલીસે ૨૯૫-એ, ૧૫૩-એ, ૨૯૮, ૫૦૪, ૫૦૫ (સી) સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે ચાર યુવાનની ધરપકડ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

**વિશેષ** છેવાડાનો એક પણ વ્યક્તિ પીવાના પાણીથી વંચિત ન રહે તેના માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે : મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

# નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ૩૯.૪૬ કરોડના ચાર કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરતાં મંત્રી કુંવરજીભાઈ

। (માહિતી બ્યૂરો) મહીસાગર ।

મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામ ખાતેથી કેબિનેટ કક્ષાના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ૩૯.૪૬ કરોડના ચાર કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખેડૂતોની આવક બમણી કરવામાં માટે અનેક યોજનાઓ થકી ખેડૂતોને લાભ આપી તેમના જીવનમાં અનેક પરિવર્તનો લાવ્યા છે. છેવાડાનો એક પણ વ્યક્તિ પીવાના પાણીથી વંચિત ન રહે તેના માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે આ વિસ્તારના ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવા જોડાવવા અપીલ કરી હતી. વધુમાં મંત્રીશ્રી એ જણાવ્યુ હતું કે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના કાર્યક્રમ અંતર્ગત મહિસાગર જિલ્લાના બાલાસિનોર નગરપાલિકાની વસ્તીને ધ્યાને રાખીને બાલાસિનોર શહેર માટે ઓપન સી.એસ.બી.આર ટેક્નોલોજી આધારિત નવીન ૬.૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવીને ભૂગર્ભ ગટર યોજનામાંથી નીકળતા ગંદા પાણીને ટ્રીટ કરીને એસ.ટી.પી. માંથી શુધ્ધ કરેલ ગટરના પાણીનો વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ ખાતે પુનઃ ઉપયોગ કરી શુદ્ધ પાણીનો લાભ મળશે.





વરધરી સ્વરૂપ સાગર તળાવ આધારિત મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કસલાલ,ભલાડા અને ઢેસિયા ગામના તળાવો ભરવાની ઉદવહન સિંચાઈ યોજનાથી વરધરી સ્વરૂપસાગર તળાવમાંથી ૩(ત્રણ) ક્યુસેક પાણી ઉદવહન કરી મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કુલ-૩ ગામના કુલ-૩ તળાવો ભરવામાં આવનાર છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૨.૯૮ કરોડ થશે. આ યોજનાથી લુણાવાડા તાલુકાના કુલ-૩ ગામના ૧૪૫ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે સાંસદશ્રી રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરાવી છેવાડાંનો એક પણ લાભ પાત્રતા ધરાવતો લાભાર્થી લાભથી વંચિત ન રહી જાય તેની ચિંતા કરી ઘરઆંગણે લાભ આપવામાં આવ્યા. ઝરમર નદી થકી ખેડૂતોને ખૂબ ફાયદો થશે.

આ પ્રસંગે બાલાસિનોર ધરસભયશ્રી માનસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. મંત્રીશ્રીના હસ્તે "સુજલામ સુફલામ" સ્પ્રેડીંગ નહેરથી પાઈપલાઈન દ્વારા ઝરમર નદીને જોડાણ કરી ઝરમર નદી પરના ચેકડેમ ભરી પરોક્ષ રીતે સિચાઈનો લાભ આપવાના કામનું લોકાર્પણ, બાલાસિનોર ખાતે ૬.૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી. બનાવી શુધ્ધ કરેલ ગટરના પાણીનો વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટમાં પુનઃ ઉપયોગ કરવા માટેની યોજનાનું લોકાર્પણ, લુણાવાડા શહેર માટે એસ.બી.આર. ટેકનોલોજી આધારિત ૫.૬૦ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી. બનાવવાની કામગીરીનું લોકાર્પણ અને વરધરી સ્વરુપસાગર તળાવ આધારિત મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કસલાલ, ભલાડા અને ઢેસિયા ગામના તળાવો ભરવાની ઉદવહન સિંચાઇ યોજનાનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, મધ્ય ગુજરાત મુખ્ય ઈજનેરશ્રી એ. ડી. કાનાણી,અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ અધિક્ષક ઈજનેરશ્રી એમ. એલ. પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી રાજેશભાઇ પાઠક, તાલિકા પંચાયત પ્રમુખ, સરપંચશ્રી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## ભારત બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની નિકાસ શરૂ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં સંપૂર્ણ આત્મનિર્ભર બનવાના પ્રયાસોમાં ટૂંક સમયમાં વધુ એક સિદ્ધિ ઉમેરાશે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) ના ચેરમેન ડો. સમીર વી. કામતે જણાવ્યું હતું કે, ભારત આ વર્ષે માર્ચ સુધીમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની નિકાસ શરૂ કરશે. ડીઆરડીઓ ચેરમેન ડો. સમીર વી. કામતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલની નિકાસને લઈને મહત્વપૂર્ણ માહિતી આપતા જણાવ્યું હતું કે, ડીઆરડીઓ આગામી ૧૦ દિવસમાં આ બ્રહ્મોસ મિસાઈલની ગ્રાઉન્ડ સિસ્ટમની નિકાસ શરૂ કરશે. આટલું જ નહીં, ડીઆરડીઓ દ્વારા ભારતીય સેના માટે ડીઝાઈન કરેલી અને ખાનગી કંપની દ્વારા ઉત્પાદિત ૩૦૭ 'એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ' (એટીએજીએસ) બંદૂકોનો ઓર્ડર આ નાણાકીય વર્ષના અંત સુધીમાં મળી શકે છે. જાન્યુઆરી ૨૦૨૨ માં ભારત અને ફિલિપિન્સ વચ્ચે ૩૭૫ મિલિયન ડોલરની ડીલ પર હસ્તાક્ષર થયા હતા.

## સાઉદી અરેબિયામાં ૭૦ વર્ષમાં પહેલીવાર લીકર શોપ ખુલશે

। (એજન્સી) રિયાધ, તા.૨૫ ।

સાઉદી અરેબિયામાં ૭૦ વર્ષમાં પહેલીવાર લીકર શોપ ખોલવા જઈ રહી છે. આ લીકર શોપ રાજધાની રિયાધમાં ખોલવામાં આવશે જ્યાં માત્ર બિન-મુસ્લિમ રાજદ્વારીઓને જ શરાબ વેચવામાં આવશે. બુધવારે એક રાજદ્વારીએ જણાવ્યું હતું કે આ સામાજિક ઉદારીકરણ તરફનું બીજું પગલું છે. રિયાધમાં આ લીકર શોપ એવા સમયે ખોલવા જઈ રહી છે જ્યારે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને તેની અર્થવ્યવસ્થાને ક્રૂડ ઓઈલથી ધીમે ધીમે દૂર કરવાની મહત્વાકાંક્ષી યોજનાઓના ભાગરૂપે રાજ્યને પ્રવાસન અને વેપારના કેન્દ્રમાં પરિવર્તિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ શોપમાંથી શરાબ ખરીદવા માટે ગ્રાહકોએ મોબાઈલ એપ દ્વારા પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. આ પછી તેમને વિદેશ મંત્રાલય તરફથી ક્લિયરન્સ કોડ મેળવવો પડશે, ત્યારબાદ ગ્રાહક શોપમાંથી શરાબની ખરીદી કરી શકશે. જો કે, ગ્રાહક દર મહિને એક નિયત ક્વોટા હેઠળ જ દારૂ ખરીદી શકશે. ઉલ્લેખનીય છે કે ઈસ્લામમાં દારૂ પીવાને હરામ માનવામાં આવે છે. પરંતુ સાઉદી સરકાર દેશમાં પ્રવાસન અને વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે તેના અતિ-રૂઢિચુસ્ત વલણમાં બદલાવ કરીને આ લીકર શોપ ખોલી રહી છે.

## હરણી તળાવ બોટ દુર્ઘટનાનો મુખ્ય સૂત્રધાર પરેશ શાહ ઝડપાયો

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

હરણી તળાવમાં બનેલી બોટ દુર્ઘટનાના બનાવમાં મુખ્ય સૂત્રધાર પરેશ શાહને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. ૧૪ નિર્દોષ લોકોના ભોગ લેનાર હરણી બોટ દુર્ઘટનાના બનાવમાં એસઆઈટી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને અત્યાર સુધીમાં કોટીયા પ્રોજેક્ટના મુખ્ય સંચાલક બિનિત ગોટીયા અને પૂર્વ ટાઉન પ્લાનર ગોપાલ શાહ સહિત ૮ ની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર પરેશ શાહ હોવાની વિગતો ખુલતા પોલીસની ટીમ તેની પાછળ પડી હતી. પરેશ શાહ રાજસ્થાન ખાતે હોવાની વિગતોને પગલે પોલીસની ટીમ તેના સુધી પહોંચી હતી. પરેશ શાહ વકીલને મળવા માટે વડોદરા આવવા નીકળ્યો હોવાની માહિતી મળતા પોલીસે તેને ગોધરા હાલોલ રોડ પરથી બસમાં જ ઝડપી પાડ્યો હોવાની પ્રાથમિક માહિતી મળી છે. અને ટૂંક સમયમાં વડોદરા પહોંચી.

### આફ્રિકાના માલીમાં દુર્ઘટના

# માલીમાં સોનાની ખાણમાં સુરંગ ધસી પડતાં ૭૦થી વધુનાં મોત

### ગત સપ્તાહે સર્જાયેલી આ દુર્ઘટનાની જાણકારી હવે સામે આવી, ગોઝારા બનાવમાં સેંકડો લોકો લાપતા

। બોમાકો(માલી), તા.૨૫ ।

દુનિયાના સૌથી ગરીબ દેશો પૈકીના એક આફ્રિકાના માલીમાં સોનાની ખાણમાં સુરંગ ધસી પડવાથી ૭૦ કરતા વધારે લોકોના મોત થયા છે. ગત સપ્તાહે સર્જાયેલી આ દુર્ઘટનાની જાણકારી હવે સામે આવી છે અને સરકારે પણ તેને સમર્થન આપ્યુ છે. હજી પણ આ ગોઝારા બનાવમાં સેંકડો લોકો લાપતા છે અને તેમની શોધખોળ ચાલી રહી છે. જેના કારણે મૃત્યુઆંક વધવાની શક્યતા છે.



માલીમાં સોનાની ખાણોમાં આ પ્રકારના અકસ્માતો છાશવારે થતા રહ્યા છે અને તેના કારણે માઈનિંગ ઈન્ડસ્ટ્રીમાં માલીને સૌથી જોખમી દેશો પૈકી એક ગણવામાં આવે છે. આ અકસ્માત જ્યાં સર્જાયો છે તે ખાણ દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં આવેલા કંગાબા શહેર પાસે આવેલી છે. સબંધિત અધિકારી ઉમર સિદીબેએ કહ્યુ હતુ કે, અચાનક જ ધરતી હલતી હોય તેવુ લાગવા માંડ્યુ હતુ અને મોટો અવાજ થયો હતો. એ પછી અમને ખબર પડી હતી કે, ખાણમાં ખોદવામાં આવેલી એક સુરંગ ધસી પડી છે. અત્યાર સુધીમાં ૭૦ શ્રમિકોના તેમાં મોત થયા છે. સ્થળ પર રાહત કાર્ય ચાલી રહ્યુ છે. બીજી તરફ માલી સરકારે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે.

### કેનેડાની સરકારનું ભારત વિરોધી વલણ યથાવત

# કેનેડાની ચૂંટણીઓમાં ભારતે હસ્તક્ષેપ કર્યાનો જસ્ટિન ટ્રુડો સરકારનો આક્ષેપ

### કેનેડાના એક સેન્ટ્રલ કમિશને આ મામલાની ૨૯ જાન્યુઆરીથી તપાસ શરુ કરવાનુ નક્કી કર્યુ છે

। (એજન્સી) ઓટાવા, તા.૨૫ ।

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની સરકારનુ ભારત વિરોધી વલણ યથાવત છે. પહેલા ભારત પર કેનેડામાં રહેતા ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા કરાવવાનો આરોપ લગાવ્યા બાદ હવે ટ્રૂડો સરકારે ભારત પર કેનેડાની ચૂંટણીઓમાં હસ્તક્ષેપ કરવાનો હાસ્યાસ્પદ આરોપ મુકયો છે. કેનેડાના એક સેન્ટ્રલ કમિશને આ મામલાની ૨૯ જાન્યુઆરીથી તપાસ શરુ કરવાનુ નક્કી કર્યુ



છે અને ૩ મે સુધીમાં તે કેનેડાની સરકારને આ અંગેનો વચગાળાનો અહેવાલ સુપરત કરશે. જ્યારે ફાઈનલ રિપોર્ટ આ વર્ષના અંત સુધીમાં આવે તેવી આશા છે. આ વિવાદની શરુઆત તો ચીન પર લાગેલા આરોપોથી થઈ હતી. એક મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે, કેનેડાની સંસદની ગત ચૂંટણીમાં ચીન દ્વારા ટ્રૂડો સરકાર માટે સહાનુભૂતિ ધરાવતા ઉમેદવારોનુ સમર્થન કરીને ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવામાં આવ્યો હતો. આ અહેવાલ બાદ કેનેડામાં ભારે ઉહાપોહ થતા ટ્રૂડો સરકારે તેની તપાસ શરુ કરવાની જાહેરાત કરી હતી પણ હવે તો તપાસ માટેના કમિશને એવુ એલાન કર્યુ છે કે, કેનેડામાં ૨૦૧૯ અને ૨૦૨૨માં યોજાયેલી ચૂંટણીઓમાં ભારતનો પણ કોઈ હાથ હતો.





ઉત્તર પ્રદેશના બુલંદશહર ખાતે વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રદર્શનની મુલાકાત કરી હતી.

## રામ મંદિર પરિસરમાં ખોદકામ કરતા અંદરથી હનુમાનજીની મૂર્તિ નીકળી

। (એજન્સી) ડુંગરપુર, તા.૨૫ ।

ડુંગરપુર જિલ્લાના સાબેલા બાયપાસ રોડ પર આવેલા શ્રી રામમંદિર પરિસરમાં ખોદકામ દરમ્યાન ભગવાન બજરંગ બલીની મૂર્તિ નીકળવાથી લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. સલૂંબર જિલ્લાના જાવદ રહેવાસી યુવકના કહેવા પર મંદિર પરિસરમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. તેમનો દાવો હતો કે, આ જમીનની અંદર મૂર્તિ દટાયેલી હોવાનું સપનું આવ્યું હતું. જેસીબી દ્વારા ખોદકામ કરવામાં આવતા અંદરથી બજરંગબલીની મૂર્તિ નીકળી હતી, આ દરમ્યાન લોકોએ જયકારા પણ લગાવ્યા



હતા. હકીકતમાં જોઈએ તો, નવાડેરા ગામમાં સોમવારે સવારે શ્રી રામ ઉત્સવ અંતર્ગત શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યાર બાદ ત્યાં સલૂંબર જિલ્લાના રહેવાસી યુવક લક્ષ્મણ પહોંચ્યો અને તેણે શ્રદ્ધાળુઓને કહ્યું કે, તેને ભગવાન રામે ત્રણ વાર સપનામાં આવીને કહ્યું હતું કે, મંદિર પરિસરમાં ભગવાન હનુમાનની મૂર્તિ દટાયેલી છે.

### વાયરલ તસવીર એડિટ કરવામાં આવી છે

# પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે દુબઈના બુર્જ ખલીફા પર ભગવાન રામની તસવીર બતાવવામાં આવી?

### ૨૨ જાન્યુઆરીએ બુર્જ ખલિફા પર ભગવાન રામની તસવીર પ્રદર્શિત કરવામાં આવી હોવાના કોઈ પુરાવા મળ્યા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

૨૩ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ, કેટલાક મીડિયા અહેવાલોએ દાવો કર્યો હતો કે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના અભિષેક સમારોહની ઉજવણીમાં દુબઈમાં બુર્જ ખલીફા પર ભગવાન રામની છબી પ્રદર્શિત કરવામાં આવી હતી. જોકે, આ રિપોર્ટ બાદમાં અપડેટ કરવામાં આવ્યો હતો. X અને Facebook જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ પોસ્ટ્સમાં સમાન દાવાઓ હતા કે



બુર્જ ખલિફાએ આ પ્રસંગે ભગવાન રામની તસવીર પ્રદર્શિત કરી હતી.

આ પોસ્ટ્સના આર્કાઈવ કરેલ સંસ્કરણો અહીં, અહીં અને અહીં જોઈ શકાય છે. જો કે, વાયરલ તસવીર એડિટ કરવામાં આવી છે અને અમને એવા કોઈ પુરાવા મળ્યા નથી કે ૨૨ જાન્યુઆરીએ બુર્જ ખલીફા પર ભગવાન રામની તસવીર પ્રદર્શિત કરવામાં આવી હતી. જ્યારે અમે યાન્ડેક્ષ રિવર્સ ઈમેજ સર્ચ દ્વારા ચિત્ર શોધ્યું, ત્યારે અમને Pinterest પોસ્ટ તરીકે બુર્જ ખલીફાની સમાન તસવીર મળી, પરંતુ તેમાં ભગવાન રામનું ચિત્ર નહોતું. આ પોસ્ટ ૨૨ ઓક્ટોબર, ૨૦૧૯ ના રોજ જુલિયાના આલ્બમ પરની બ્લોગ એન્ટ્રી સાથે લિંક કરે છે, જેમાં બુર્જ ખલીફાના ફોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝુ પોતાના જ દેશમાં ઘેરાયા!

# ભારત વિરોધી વલણ મુદ્દે વિપક્ષો લાલઘૂમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ, જેમણે ચૂંટણી પ્રચાર દરમિયાન ભારત વિરોધી મુદ્દા (ઈન્ડિયા આઉટ કેમ્પેઈન)ને હથિયાર બનાવ્યું હતું, તે હવે બેકફાયર થયું હોય તેવું લાગે છે. કારણ કે માલદીવની બે વિપક્ષી પાર્ટીઓ-માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી અને ડેમોક્રેટ્સ-એ માલદીવ સરકારના ભારત વિરોધી વલણ પર ચિંતા વ્યક્ત કરી છે અને સરકારને ઠપકો આપ્યો છે. અહેવાલ મુજબ, બુધવારે (૨૪ જાન્યુઆરી) માલદીવની આ બે મહત્વપૂર્ણ વિપક્ષી પાર્ટીઓએ ભારતને તેમનો સૌથી જૂનો સાથી ગણાવ્યો હતો. બંને પક્ષોએ સંયુક્ત પ્રેસ રિલીઝ જારી કરીને દેશના નેતાના ભારત વિરોધી વલણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. એક અખબારી યાદી દ્વારા




તેમણે દેશની વિદેશ નીતિમાં થયેલા ફેરફારોને લાંબા ગાળાના વિકાસ માટે અત્યંત નુકસાનકારક ગણાવ્યા હતા. માલદીવની વર્તમાન વિદેશ નીતિ પર નિશાન સાધતા વિપક્ષી દળોએ કહ્યું કે એવું લાગે છે કે વર્તમાન વહીવટીતંત્ર ભારત વિરોધી વલણ અપનાવી રહ્યું છે. એમડીપી અને ડેમોક્રેટ્સ બંને માને છે કે કોઈપણ વિકાસ ભાગીદાર અને ખાસ કરીને દેશના સૌથી જૂના સાથીથી દૂર થવું એ દેશના લાંબા ગાળાના વિકાસ માટે અત્યંત હાનિકારક છે. એમડીપી પ્રમુખ ફૈયાઝ ઈસ્માઈલ, સંસદના ડેપ્યુટી સ્પીકર અહેમદ સલીમ સાથે ડેમોક્રેટ પાર્ટીના પ્રમુખ હસન લતીફ અને સંસદીય જૂથના નેતા સાંસદ અલી અઝીમ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં સામેલ થયા હતા. આ દરમિયાન, તેમણે કહ્યું કે દેશની સરકારોએ માલદીવના લોકોના હિત માટે તમામ વિકાસ ભાગીદારો સાથે કામ કરવા સક્ષમ હોવા જોઈએ. જેમ કે માલદીવ પરંપરાગત રીતે કરે છે. આ દરમિયાન, ૮૭ સભ્યોના ગૃહમાં સામૂહિક રીતે ૫૫ બેઠકો ધરાવતા બંને વિપક્ષી પક્ષોએ શાસનની બાબતો પર સહકાર આપવાનું વચન આપ્યું હતું અને વિદેશ નીતિ અને પારદર્શિતાના મુદ્દાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી. માલદીવની બે મુખ્ય વિપક્ષી પાર્ટીઓ વતી એમ પણ કહેવામાં આવ્યું હતું કે ભારત સાથે જૂના સહયોગને પાછો ખેંચવાથી દેશની સ્થિરતા અને વિકાસ પર નોંધપાત્ર અસર પડશે.

### કોંગ્રેસના નેતાએ ઈન્ડિયાના સહયોગી પક્ષ પર નિસાન તાક્યાં

# તમિલનાડુમાંથી ડેન્ગ્યૂ, મલેરિયા, કોઢ ખતમ થશે : આચાર્ય પ્રમોદ

### કોંગ્રેસ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમે ઈન્ડિયાગઠબંધનના સહયોગી પક્ષ ડીએમકે સામે જ નિશાન તાકતાં ચર્ચા

। નવી દિલ્હી, તા.૨૫ ।

કોંગ્રેસ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમે ઈન્ડિયાગઠબંધનના સહયોગી પક્ષ ડીએમકેએટલે કે દ્રવિડ મુનેત્ર કઝગમ સામે જ નિશાન તાકતાં ચર્ચા જગાવી છે. તેમણે એક વીડિયો શેર કરતાં કહ્યું કે તમિલનાડુમાંથી ડેન્ગ્યૂ, મલેરિયા અને કોઢ ખતમ થવાનો સમય આવી ગયો છે. ખાસ વાત એ છે કે તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિનના દીકરા ઉદયનિધિએ ગત વર્ષે સપ્ટેમ્બરમાં એક કાર્યક્રમ દરમિયાન સનાતન ધર્મની તુલના ડેન્ગ્યૂ સાથે કરી હતી. આચાર્ય પ્રમોદે લખ્યું કે તમિલનાડુમાં હવે ડેન્ગ્યૂ (ડી) મલેરિયા (એમ) કોઢ (કે) ખતમ થવાનો સમય આવી



ગયો છે. જય-જય શ્રી રામ. ખાસ વાત એ છે કે સીએમ સ્ટાલિનની પાર્ટીનું નામ પણ ડીએમકેછે. સાથે જ તેમણે એક જૂલુસનો વીડિયો પણ શેર કર્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ભગવો ધ્વજ હાથમાં લઈને ચાલી રહી છે. માહિતી અનુસાર આ જૂલુસ તમિલનાડુની રાજધાની ચેન્નઈનો છે. તાજેતરમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે વંશવાદની રાજનીતિને લઈને રાજકીય પક્ષો પર નિશાન તાક્યું હતું.

### શેરબજારનો કારોબાર નબળાઈ સાથે સમાપ્ત થયો

# સેન્સેક્સમાં ૩૬૦ તેમજ નિફ્ટીમાં ૧૦૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

### શેરબજારમાં બજાજ ઓટો, અદાણી પોર્ટ્સ, એનટીપીસી અને કોલ ઈન્ડિયાના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

ગુરુવારે શેરબજારનો કારોબાર નબળાઈ સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૩૬૦ પોઈન્ટ ઘટીને ૭૦૭૦૦ પોઈન્ટના સ્તરે બંધ થયો છે જ્યારે નિફ્ટી ૧૦૧ પોઈન્ટ ઘટીને ૨૧૩૫૨ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. ગુરુવારના ટ્રેડિંગમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી, જ્યારે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ નજીવા ઊંચા સ્તરે બંધ રહેવામાં સફળ રહ્યા હતા. ગુરુવારે, નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં થોડો વધારો નોંધવામાં આવ્યો હતો જ્યારે નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈન્ડેક્સમાં પણ નબળાઈ નોંધાઈ હતી. શેરબજારના ટોપ ગેઈનર્સની વાત કરીએ તો બજાજ ઓટો, અદાણી પોર્ટ્સ, એનટીપીસી અને કોલ ઈન્ડિયાના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે ટેક મહિન્દ્રા, સિપ્લા, ભારતી એરટેલ અને એલટીઆઈ માઈન્ડટ્રીના શેરમાં નબળાઈ જોવા મળી હતી. ગુરુવારે શેરબજારની કામગીરીમાં નોંધપાત્ર નબળાઈ નોંધાઈ હતી. જો આપણે શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, સિમેન્ટ અને ઈન્ફ્રા કંપનીઓના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે બજાજ ઓટો, અદાણી પોર્ટ્સ, એનટીપીસી, કોલ ઈન્ડિયા, ઈન્ડસઈન્ડ બેંક અને હિન્દાલ્કોની સાથે આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં પણ વધારો થયો હતો. આપણે નબળાઈ દર્શાવતી કંપનીઓ વિશે વાત કરીએ તો ટેક મહિન્દ્રા, સિપ્લા, ભારતી એરટેલ, એલટીઈ માઈન્ડટ્રી, એસબીઆઈ લાઈફ, ટાટા કન્ઝ્યુમર અને ડીવીની લેબના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. બજાજ ઓટો, પાવર ગ્રીડ, ઈન્ફોસીસ અને ભારતી એરટેલના શેર ૫૨ સપ્તાહની ઊંચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે નવીન ફ્લોરિનના શેર ૫૨ સપ્તાહની નીચી સપાટીએ હતા. શેરબજારમાં અદાણી પાવર અને ટાટા મોટર્સના શેરમાં તેજી જોવા મળી હતી, જ્યારે ટાટા સ્ટીલ, ટીસીએસ અને આઈટીસીના શેરમાં નબળાઈ પર ટ્રેડ થઈ રહ્યા હતા.

### તેલંગણામાં સરકારી અધિકારીને ત્યાં એસીબીના દરોડા

# તેલંગણાના અધિકારીના ત્યાંથી ૧૦૦ કરોડથી વધુની બેનામી સંપત્તી મળી

### બાલકૃષ્ણએ કથિત રીતે રિયલ એસ્ટેટની કંપનીઓની ઘણી પરમિટ મેળવીને કરોડો રૂપિયાની કમાણી કરી છે

। હૈદ્રાબાદ, તા.૨૫ ।

તેલંગાણામાં એક સરકારી અધિકારીના ઘરે બુધવારે દરોડા પાડવા આવેલી એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી)ની ટીમને ખજાનો મળ્યો હતો. સૂત્રોના અહેવાલ મુજબ એસીબીના અધિકારીઓએ તેલંગાણા સ્ટેટ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઓથોરિટી (ટીએસઆરઈઆરએ)ના સચિવ અને મેટ્રો રેલ પ્લાનિંગના અધિકારી શિવ બાલકૃષ્ણના ઘરે દરોડા પાડતા ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધુની બેનામી સંપત્તિ હોવાનું જાણવા મળ્યું છે. તેલંગાણામાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)ની ટીમે રાજ્ય સરકારના અધિકારી શિવ બાલકૃષ્ણના ઘરો અને ઓફિસો પર દરોડા પાડ્યા હતા. મીડિયા



રિપોર્ટ્સ અનુસાર બુધવારે દિવસભર ચાલેલા સર્ચ ઓપરેશન દરમિયાન ટીમ ૧૦૦ કરોડ કરતા પણ વધુ રૂપિયાની બેનામી સંપત્તિ શોધી કાઢવામાં સફળ રહી હતી. આ દરોડા આજે પણ ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે એસીબીને શિવ બાલકૃષ્ણ વિરુદ્ધ લાંબા સમયથી ભ્રષ્ટાચારની ફરિયાદો મળી રહી હતી. એસીબીને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બાલકૃષ્ણએ કથિત રીતે ઘણી રિયલ એસ્ટેટ કંપનીઓની પરમિટ મેળવીને કરોડો રૂપિયાની કમાણી કરી છે.

## તંત્રી લેખ...

# ઈઝરાયલ અને હમાસનું યુદ્ધ હજુ અટકતું જ નથી

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને ત્રણ મહિનાથી વધુ સમય થયો છે. યુદ્ધમાં હજુ પણ બંને તરફે લોકોના જીવ હોમાઈ રહ્યા છે. ૨૬ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમ છતા યુદ્ધ ક્યારે અટકશે તે કોઈને ખબર નથી. ઈઝરાયલે હમાસ સમક્ષ યુદ્ધવિરામનો શરતી પ્રસ્તાવ પણ મૂક્યો, જો કે તે જ સમયે હમાસ તરફથી ઈઝરાયલની સેનાને અત્યાર સુધીનું સૌથી મોટું નુકસાન થયું છે...જેના પરિણામે યુદ્ધવિરામની શક્યતા ધૂંધળી બની છે.. ઉલટું યુદ્ધ વધુ ભડકી ઉઠે તેના ભણકારા વાગી રહ્યા છે. હમાસના ખાત્માના નિર્ધાર સાથે યુદ્ધ લડી રહેલું ઈઝરાયલ યુદ્ધ પૂરું કરવાના મૂડમાં નથી. આ દરમિયાન ઈઝરાયલે હમાસ સમક્ષ ફરી એક વાર યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. ઈઝરાયલે હમાસને પ્રસ્તાવ મોકલ્યો છે કે જો હમાસ તેના તમામ બંધકોને મુક્ત કરી દેશે તો ગાઝા પર આગામી બે મહિના સુધી કોઈ હુમલા નહીં કરાય. ઈઝરાયલે કતાર અને ઈજિપ્તના માધ્યમથી હમાસને આ પ્રસ્તાવ મોકલ્યો છે. જો કે હમાસ તરફથી આ અંગે હજુ કોઈ જવાબ નથી આવ્યો. ઈઝરાયલનો દાવો છે કે તેના ૧૩૭ નાગરિકો હજુ પણ હમાસના કબ્જામાં છે, જેમાં ૧૧૫ પુરુષો, ૨૦ મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે. આ અગાઉ ૨૪થી ૩૦ નવેમ્બર સુધી બંને પક્ષે યુદ્ધવિરામ સમજૂતી થઈ હતી. આ માટેની શરત પ્રમાણે હમાસે ઈઝરાલયના ૧૦૦થી વધુ બંધકોને મુક્ત કર્યા હતા. તો ઈઝરાયલે હમાસના ૨૪૦ કેદીઓને છોડવા પડ્યા હતા. યુદ્ધવિરામ પૂર્ણ થતાં જ ઈઝરાયલે ફરી ગાઝા પર હુમલા શરૂ કરીને હમાસને ટાર્ગેટ કર્યું હતું...જેનું પરિણામ છે આ દ્રશ્યો, સમગ્ર ગાઝા અત્યારે કાટમાળના ઢગમાં તબ્દીલ થઈ ગયું છે. હમાસે ઈઝરાયલના નાગરિકોના કરેલા અપહરણની સજા ગાઝાના ૨૩ લાખ લોકો ભોગવી રહ્યા છે. યુદ્ધમાં ગાઝાનો દરેક પરિવાર વિસ્થાપિત થઈ ચૂક્યો છે. જ્યારે ઈઝરાયલમાં પાંચ લાખ લોકો વિસ્થાપિત થયા છે. ૭મી ઓક્ટોબરે યુદ્ધ શરૂ થયું ત્યારથી લઈને અત્યાર સુધી ૨૫ હજાર ૨૯૫ જેટલા પેલેસ્ટાઈનીઓએ જીવ ગુમાવ્યા છે. જેમાં ૧૦ હજાર બાળકો અને સાત હજાર મહિલાઓનો સમાવેશ થાય છે. સાત હજારથી વધુ લોકો લાપતા છે, જ્યારે ૬૩ હજારથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. તો સામે ઈઝરાયલના પક્ષે એક હજાર ૪૩૬ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં ૨૨૦ જેટલા સૈનિકોનો સમાવેશ થાય છે. જ્યારે આઠ હજાર ૭૮૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈઝરાયલની સેના અત્યારે ગાઝા પટ્ટીમાં ફરી રહી છે અને હમાસના ટનલ નેટવર્કને શોધીને ધ્વસ્ત કરી રહી છે.

### જેસર ખાતે ૭૫મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી થશે

## નિવાસી અધિક કલેકટરશ્રીની ઉપસ્થિતમાં ૭૫મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીનું રિહર્સલ કરાયું







। (માહિતી) ભાવનગર ।

૭૫મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી જિલ્લા કલેકટર શ્રી આર. કે. મહેતાની અધ્યક્ષતામાં જેસર ખાતેનાં બ.ગો. મહેતા વિદ્યાલય ખાતે સવારે ૯:૦૦ કલાકે યોજાનાર છે.

આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી સુચારૂં રીતે યોજાય તે માટેનું રિહર્સલ નિવાસી અધિક કલેકટરશ્રી એન. ડી. ગોવાણી ની રાહબરી હેઠળ બ.ગો. મહેતા વિદ્યાલય જેસર ખાતે યોજવામાં આવ્યું હતું. આ રિહર્સલમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ જિલ્લા કલેકટરશ્રીનું આગમન, ધ્વજવંદન, પોલીસ ટૂકડી દ્વારા સલામી અને રાષ્ટ્રગાન, પરેડ નિરીક્ષણ, ઉદબોધન, વૃક્ષારોપણ સહિતનાં આયોજનોનું રિહર્સલ નિહાળી નિરીક્ષણ કર્યું હતું.

નિવાસી અધિક કલેકટરશ્રીએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા યોજાનાર પરેડ નિહાળી હતી. આ ઉપરાંત કાર્યક્રમનાં દિવસે પદાધિકારીશ્રી/ અધિકારીશ્રીઓ, પત્રકારો, નાગરીકો વગેરેની બેઠક વ્યવસ્થા અંગેની જાણકારી મેળવી આ માટેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટેની સુચનાઓ ઉપસ્થિત અધિકારીઓને આપી હતી. રિહર્સલમાં પુરૂષ પોલીસ ટુકડી, મહિલા પોલીસ ટુકડી, હોમગાર્ડ હથિયારી, એન.સી.સી. કેડેટ્સ, પોલીસ બેન્ડ સહિતની ટૂકડીઓ દ્વારા પરેડ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે પોલીસ અધિક્ષકશ્રી ડો.હર્ષદ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન જરુ, મહુવા પ્રાંત અધિકારીશ્રી ઈશિતા મેર, ઇ.ચા. તળાજા મામલાદારશ્રી કિરણભાઈ ગોહિલ સહિતનાં જિલ્લાનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જાગો મોહન પ્યારે એ ગીત સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ શરીરને જગાડીને જીવન રાહ અજવાળે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે! નરસિંહનું પ્રભાતિયું આજે પણ આપણા અંતરાત્માને જગાડી શકે તેમ છે, આદિ કવિ નરસિંહ એ સમસ્ત સમાજનું, અને એમાં પણ સાહિત્ય તથા કવિતા જગતનું ઘરેણું છે. તેના પદ ગાવા કે સ્મરણ માત્રથી આપણામાં જાગૃતિનો સંચાર થાય છે. પૂર્ણપણે વેદાંતી એવા નરસિંહ મહેતાની ચેતના આજે પણ આપણે અનુભવી શકીએ છીએ, અને તેનાં શબ્દ દેહે એટલે કે તેની રચનામાં તે કાયમ જીવંત રહેશે.

જ્યારથી લાલજી મહારાજને જગાડવાથી શરૂ કરીને સુવાડવા સુધીની ભક્તિનો મહિમા મણાય છે, એટલે નરસિંહને પણ સાથે સાથે ગવાય છે. કવિતા તત્વથી ભરપુર એ સાહિત્ય વાંચવાથી પણ આપણામાં કવિતા જન્મે એટલું સિદ્ધ છે. જાગીએ તો જ અહીં સવાર છે, બાકી તો મોહ નીષામાં સૌ પોઢેલા છીએ. પણ રાત ન હોય તો દિવસનું મહત્વ સમજાતું નથી, એમ તમસ અને રજોગુણ ન હોય તો સાત્વિકતાનું મૂલ્ય લાંબો સમય ટકી શકે નહીં, અથવા તો સાત્વિકતા આનંદનો રસ આપી શકે નહીં. મમતાનું રુપ પણ અમૂલ્ય છે, અને પાંખ આવતા પંખી બાળ ઊડી ગયાં હોય, જીવ આજકાલ ઠાકોરજીની સેવા પૂજા કરી મમતાને માણે છે. આમ પણ મોહન પ્યારાને જ મમતા લૂટાવવાની છે, તો આજે આપણે પણ હરિ ભક્તિના ભાવથી ભરેલાં ગીતાનો સંદર્ભ લઈને તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

**જાગો જાગો જાગો**
**વિશ્વને પ્રકાશિત કરો**
**વિચારોના અંધકારને દૂર થવા દો**
**કિરણો ગયે રાણી**
**જાગો મારા**
**હું મોહન પ્યારે છું**
**જાગો મોહન વહાલા જાગો**
**જાગો મોહન વહાલા જાગો**



**નવયુગ ચુમે નૈન તિહારે**
**જાગો મોહન વહાલા જાગો**
**જાગો રે જાગો રે જાગ કલ્યાણ જોગી**
**શહેરના તમામ રસ્તાઓ જાગી ગયા.**
**જાગો જાગો જાગો**
**જાગો જાગો જાગો જગ જગ**

૧૯૫૬ની સાલમાં બનેલું "જાગતે રહો" નામની ફિલ્મનું આ ગીત છે ગીત રાજ કપૂર, પ્રદીપ અને સુમિત્રા દેવી પર ફિલ્માવાયેલું આ ગીત લતા મંગેશકરનાં અવાજમાં ગવાયેલું છે સંગીતકાર સલિલ ચૌધરી, અને ગીતના શબ્દો શૈલેન્દ્રના છે. આ ફિલ્મ મેં જોઈ નથી એટલે આ ગીત કયા સંદર્ભમાં ગવાયું છે એ વિશે કોઈ જાણ નથી પરંતુ સ્થૂળ સૂક્ષ્મ અને કારણ ત્રણેય શરીરની જાગૃતિનું દર્શન બતાવાયું છે. સ્થૂળ રૂપે સવાર પડે છે, અને જાગીએ તો જ જગતના અંધેરા ચાલ્યા ગયા છે, અને જંગ ઉજીયારુ થઈ ગયું છે એ દેખાય. કવિ પોતાના આ ભાવ ઈશ્વર સાથે શેર કરે છે, એટલે કે તેને ઉઠાડવાની ચેષ્ટા કરે છે, અને આમ જુઓ તો ખુદમાં પણ એક ઈશ્વર છે એટલે અંતરાત્માને જગાડવા માટે જ કવિ કહે છે.

સૂર્યકિરણ ને રાણી કહે છે અને તે ગીત ગાઈને સૌને જગાડી રહી છે, પ્રકાશ આપી રહી છે, સૌ પર મમતા લૂટાવી રહી છે, એ સ્થૂળ દર્શન છે. અંદરથી જાગીશ તો નવ યુગના દર્શન થશે, એટલે અહીં જ સતયુગ ત્રેતા અને દ્વાપર કે કળીયુગ છે. જાગૃતિના અનેક લાભો છે, જેમ પૂર્વમાં સૂર્યોદય થાય છે અને આખું જગત પ્રકાશમાન થાય છે, એમ દેહમાં પણ જાગૃતિનો સૂર્ય ઉદય થાય તો જીવનમૂલ્યો બદલાઈ જતા હોય છે. ગઈકાલ સુધી જે વસ્તુ, જે વ્યક્તિ, કે જે વ્યવહાર, આપણને પરાણે નિભાવવા પડતા હોય, અથવા તેની પ્રત્યે અણગમો હોય કે પછી કર્તવ્યકર્મનો બોજ લાગતો હોય, એ જાગૃતિ આવી જવાથી અથવા તો જીવનમાં જાગી જવાથી, આપણને તેના મૂલ્યો બદલાઈ જતાં દેખાય છે, અને જે કર્તવ્ય કાળ રૂપ લાગતું હતું એ હોંશે હોંશે થાય છે. નિમિત્ત માત્રનું મૂલ્ય જાણ્યા પછી જીવન નિર્ભાર પણ થઈ શકે છે. અહીં સૂર્ય જેમ પ્રકાશમાન કોઈ નથી, અને છતાં તેના જીવનમાં પણ તપવાનુ જ લખાયું છે. માટે સત્યરૂપી સૂર્યનો જીવનમાં સ્વીકાર કર્યો છે, તો જીવન થોડું તપતું રહેશે, અથવા તો કસોટીઓ આવશે, એનાથી ડરવાનું નથી. આવું એક અનેરૂ જ્ઞાન પણ થાય છે, અને જેનાથી મનનો અંધકાર જાય છે.

ઈન્દ્રિયોના ઉત્પાત ઓછા થાય છે, અને જીવ ભક્તિ તરફ એટલે કે ભગવાનનાં સાનિધ્યને ઝંખે છે. સ્થૂળ અને સૂક્ષ્મ રીતે જાગૃતિ આવે પછી જ નિમિત્ત માત્ર બનીને જે કાર્ય થાય છે, તે હંમેશા લોકમંગલના જ કાર્ય થાય છે, અને તેનાથી કારણ શરીરની પુષ્ટિ મળતી હોય છે, અને શક્તિવર્ધક આભા વલયની રચના થાય છે. આપણે મુખ્યત્વે જોઈએ તો ઈશ્વરની છબીનાં દર્શન કરીએ, અથવા તો જોઈએ તો તેના મુખ મંડલ આસપાસ પ્રકાશનું વર્તુળ રચાયેલું હોય છે. ઈશ્વર વિષેની આપણે ત્યાં ઘણી બધી લાક્ષણિકતાઓ દર્શાવાઈ છે ,અને જગત નિયંતા જગદીશ્વરની સર્વપ્રથમ લાક્ષણિકતા,એ છે કે તે અસંગ છે, એટલે જીવ જેમ જાગૃત થતો જાય, અને કારણ શરીરની પુષ્ટિ થતી જાય, તેમ તે અસંગ થતો જાય છે, એટલે કે હર્ષ-શોકથી મુક્ત થાય છે. બીજું ઈશ્વર ઈન્દ્રિયોથી નહીં પણ ચૈતન્યથી ગતિ કરે છે, એ જ રીતે કારણ શરીરની પુષ્ટિ થયેલી હોય એવા જીવોના વિચારો કે મન તરંગો અન્ય વ્યક્તિ સુધી પહોંચે છે, અને એ પણ એ વિચારથી તાજગી અને ચૈતન્ય અનુભવે છે. ઈશ્વરને થાક નથી લાગતો, ઈશ્વરને ભૂખ નથી લાગતી, તરસ નથી લાગતી, એ તો ઠાકોરજીને ધરાવવામાં આવતો ભોગ એ આપણા મનની એક સંતુષ્ટિનું કારણ છે, કે આપણે પણ તેને કંઈક આપીને પ્રસાદરૂપે ગ્રહણ કરીએ તો વિકાર ઓછા આવે. એટલે ઈન્દ્રિયો સતત પરિશ્રમ કરે છતાં ઓછો થાક અનુભવે, અને ભૂખ-તરસ તરફ દુર્લક્ષ સેવવા છતાં શરીરમાં સ્ફૂર્તિ રહે, ત્યારે સમજવું કે માંહ્યલો સંપૂર્ણ પણે અથવા ત્રણેય શરીરથી જાગી ગયો છે. કોઈ પણ જીવના સ્થૂળ શરીરનું જાગવું એ તેને કર્તવ્ય કર્મ કરવા પ્રેરે છે કે ચાલ ઊભો થા, અને હવે તારા કામે વળગ, તારા પરિવાર માટેની જવાબદારી નિભાવ.

સૂક્ષ્મ શરીરનું જાગવું એટલે પરિવાર ઉપરાંત સમાજ પણ તારો પરિવાર છે, એ તરફ પણ તારી કોઈ ફરજ છે, અને એ જવાબદારી રૂપે કોઈ પણ પ્રકારનું કર્મ થાય તો સૂક્ષ્મ શરીરનું જાગરણ થયું છે, એમ કહેવાય, અને પુરુષાર્થ એ જ પરમ પ્રેમ સુધી પહોંચવાનો એકમાત્ર માર્ગ છે. સત્ય પ્રેમ અને કરુણાનું હૃદય મંદાકિનીમાં વહેણ શરૂ થાય ત્યારે કારણ શરીરને પૃષ્ટિ મળે છે, અથવા કારણ શરીર જાગી ગયું છે, અને આભા વલયની તેજસ્વિતાથી હવે લોકમંગલ અને લોક કલ્યાણના કાર્ય એ જ એનાં જીવનનો મુખ્ય હેતુ રહે છે, અને અન્યના દુખ દર્દ જોવા કે જાણવાથી જ આપણા દુઃખદર્દ ભૂલાય છે. જેમ બ્રહ્માંડ લાખ રહસ્યથી ભરેલું છે, તેમ આ સંસાર પણ અલગ-અલગ માનસિકતા રૂપે વસતા જીવોના રહસ્યોથી ભરેલું છે, અને એ આંટીઘૂટીમાં અટવાયા વગર આપણે આપણું કર્તવ્ય કર્મ એટલે કે અન્ય જીવ પણ પરમાત્માનો અંશ છે, એ એકમાત્ર સત્ય મનમાં ધારણ કરીએ તો, અન્ય પ્રત્યેના દુર્ભાવ દૂર થાય અને તેને પણ પોતીકું સમજી પ્રેમ કરી શકાય. જીવનમાં ધીર ગંભીર પણું, અને સમય સંજોગો સામે ટકી રહેવાની હિંમત શક્તિ, અથવા સાહસ પણ સ્વયંની જાગૃતિ થી જ આવે છે. અન્યને ઉઠાડવાની તો એક ચેષ્ઠા બતાવાઈ છે, બાકી પહેલા જાગવું તો પોતે જ પડે, અને જાગી ગયેલો હોય, કે જાણી ગયેલો હોય, તે જ અન્યને જગાડી શકે, અને જણાવી શકે, કે આ વસ્તુ આ છે, એટલે કે સૂર્ય કોઈને દેખાડવો હોય તેનું વર્ણન કરવું હોય, કે પ્રભાતનું વર્ણન કરવું હોય, તો પહેલા તો પોતે જ જાગીને સૂર્યોદય જોવો પડે, પ્રકૃતિમાં થતાં ફેરફારનું અવલોકન કરવું પડે, તેને અનુભવવા પડે, પક્ષીઓના કલરવને માણવો પડે, તો જ આપણે પ્રભાતનું વર્ણન કરી શકીએ, એમ પહેલા આપણે જાગીએ, તેના ફાયદાઓ જાણીએ, તો અન્યને બતાવી શકાય, કે જાગી જવાથી જીવન સરળ થાય છે, જીવન મધુરુ બને છે, અને સાચા જીવનની શરૂઆત થાય છે. તો આપણે સૌ પણ જાગી જઈએ,તો અંદર રહેલા પરમ તત્વની અનુભૂતિ કરી શકીશું. જીવન રહેતા જ જાગીને એ દ્રષ્ટિથી જીવનનું સાચું મૂલ્ય જાણી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# યોગીઓ આંખો બંધ કરી બ્રહ્મ ચિંતન કરી જગતને ભૂલવા પ્રયત્ન કરે છે, છતાં જગતને જલદી ભૂલાતું નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

ભાગવતસેવામાં શરીરનો કસ કાઢો. શરીરમાંથી પસીનો ન નીકળે ત્યાં સુધી સેવા કરો. ઠાકોરજીના ઉપયોગમાં મારું શરીર ન આવે તો શરીર વૃથા છે એવું માનો. આ શરીર શ્રીકૃષ્ણનું છે અને શ્રીકૃષ્ણ માટે છે. આ શરીર ધર્મનું ક્ષેત્ર છે. ધર્મક્ષેત્ર એટલે વિષ્ણુક્ષેત્ર. આ શરીર ભોગ ભોગવવા માટે નથી. યશોદા શરીરથી સેવા કરે છે. સેવા શરીરથી કરો, પણ મન જો સેવામાં નહીં હોય તો આનંદ મળશે નહીં. સેવા કરતાં હૃદય પીગળવું જોઈએ. આંખ ભીની થવી જોઈએ, સેવા કરતાં આનંદ મળવો જોઈએ. આ સદભાવથી સેવા કરનારા ઓછાં છે.દધિમંથન કરતી વખતે યશોદાજી શ્રીકૃષ્ણ તરફ જોયા કરે છે.

શ્રીકૃષ્ણ તરફ નજર રાખી દહીં હોવે છે. યશોદાની જેમ તમે પણ કામ કરતાં કરતાં ઠાકોરજીને નિહાળ્યા કરજો,ગોપીયોની બાદર્શ નજર આગળ રાખજો. ખાતાં-પીતાં, ઘરકામ કરતાં, ધંધો કરતાં પણ ઠાકોરજીને જ મેરો. લક્ષ્ય ભૂલશો નહીં.વ્યવહાર છૂટતો નથી, તો વ્યવહારને છોડવા ની જરૂર પણ નથી. વ્યવહાર કરતાં કરતાં પરમાર્થને યાદ રાખો. બધા જ સંતો કાંઈ ને કાંઈ ધંધો કરતા હતા. ધંધો કરવો એ ગુનો નથી, પણ તેમાં ભગવાન ને ભૂલી જવા એ ગુનો છે. પરંતુ આ જગતમાં કોઈ કેવળ સ્ત્રી માટે જીવે છે, કોઈ કેવળ પુત્ર માટે જીવે છે. આ ઈષ્ટ નથી. લક્ષ્યને નજરમાં રાખવાનું છે. લક્ષ્યને લક્ષમાં રાખી કરેલો વ્યવહાર એ ભક્તિ છે. પરંતુ લક્ષ્યને ભૂલી જઈ વ્યવહાર કરે તો તે બંધનરૂપ છે. લક્ષ્યને ભૂલશો તો તમારે ચોર્યાસીના ચક્કરમાં ફરવું પડશે. વ્યવહારમાં છળકપટ ન રાખો. અસત્ય ન રાખો. વ્યવહારમાં અતિ શુદ્ધિ ન હોય ત્યાં સુધી ભક્તિ થતી નથી. યશોદા એ પુષ્ટિભક્તિ છે. પીળું વસ્ત્ર એ વૈષ્ણવની ભક્તિનું પ્રતીક છે. સંસાર ગોળી છે. તેનું મંથન કરી પ્રેમરૂપી નવનીત કાઢવાનું છે.

પરમાત્મા તમારી પાસે બીજું કાંઈ માગતા નથી, ફક્ત પ્રેમ જ માગે છે. યશોદાજીની જેમ ગૃહકામ કરતાં કરતાં ઈશ્વરમાં દૃષ્ટિ અને મુખમાં પ્રભુનું નામ રાખો. પુષ્ટિ ભક્તિમાં વ્યવહાર અને ભક્તિ જુદાં નથી. ભક્ત જે કાંઈ કાર્ય કરે છે તે પ્રભુની આજ્ઞા સમજીને કરે છે. યશોદા સેવા કરે છે ત્યારે તેની આંખ શ્રીકૃષ્ણ ઉપર છે. શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં માનું હૃદય પીગળ્યું છે. એટલે વક્ષઃસ્થળનું વસ્ત્ર ભીનું બન્યું છે. યશોદાનો શ્રૃંગાર એ ભક્તિનો શ્રૃંગાર છે. યશોદાનાં કુંડળ એ સાંખ્ય અને યોગ છે. સાંખ્ય અને યોગની મદદ મળે તો ભક્તિ સ્થિર છે. મનુષ્યના ઉપર દુઃખના પ્રસંગ આવે છે, ત્યારે તે પ્રભુની ભક્તિ કરે છે, પણ તેમાં સ્થિરતા નથી. તેથી યોગ અને સાંખ્ય વિના ભક્તિ અધૂરી છે. યશોદાનું એક કુંડળ યોગ અને બીજું કુંડળ સાંખ્ય છે. યોગશાસ્ત્ર મનને એકાગ્ર બનાવે છે.

સાંખ્યશાસ્ત્ર મનને શુદ્ધ કરે છે. મનનો મેલ દૂર કરે છે. આ બંનેની જરૂર છે. ખૂબ ભક્તિ કરવી હોય તો આત્માને શરીરથી જુદો પાડો અને મનને ખૂબ એકાગ્ર કરો. શરીરનો આનંદ એ મારો નથી. જડ શરીરથી ચેતન આત્મા જુદો છે એમ વારંવાર વિચાર કરો. યશોદાજી રોજ કનૈયાને જગાડવો છે.મંગલ ગીત ગાઈને લાલાને જગાડે છે, પણ આજે માખણ તૈયાર થયા પછી બુદ્ધિરૂપી યશોદા વિષયોમાં ફસાય તો વિપત્તિ આવે, એટલે કનૈયો માને છે કે, તું મને છોડીને જઈશ નહીં. એટલે શ્રીકૃષ્ણ યશોદાજીને કાંઈ કામ કરવા દેતા ન હતા. આજે યશોદાજી દધિમંથનમાં તન્મય છે. તેમની વાણીમાં શ્રીકૃષ્ણ છે, હૃદયમાં શ્રીકૃષ્ણ છે અને મનમાં શ્રીકૃષ્ણ છે. યશોદાજી મનસા, વાચા અને કર્મણાથી ઈશ્વરની સેવા કરવા લાગ્યાં, એટલે શ્રીકૃષ્ણ આપોઆપ જાગ્યા. શ્રીકૃષ્ણ તો સર્વવ્યાપક બ્રહ્મ છે, હૃદય શ્રીકૃષ્ણ છે.પણ સુષ્ત અવ સ્થામાં છે.ફક્ત તેને જગાડવાની જ જરૂર છે. યશોદા જેવી ભક્તિ કરશો તો કનૈયો જાગશે. અનન્ય ભક્તિથી કનૈયો જાગે છે. શ્રીકૃષ્ણ જાગે તો આનંદ. શ્રીકૃષ્ણ એટલે આનંદ. આનંદ હૃદયમાં છે તે આનંદને જગાડવાનો છે. જીવ સંસારના જડ પદાર્થમાં આનંદ શોધવા જાય છે, એટલે તેને આનંદ મળતો નથી. ઈશ્વર સાથે જીવને તન્મય થવાની જરૂર છે.


વૈષ્ણવ પરિશ્રમ કરે,એના શરીરમાં પરસેવો નીકળે ત્યારે જ ઠાકોરજી જાગે છે. કારણ કે વૈષ્ણવ દુઃખી થાય તો લાલાને શાંત નિદ્રા આવતી નથી. યશોદાજીની નિષ્કામ ભક્તિ જોઈ ભગવાન સકામ બન્યા છે. ભક્તિ નો ઊભરો આવે તો ભગવાન સકામ બને છે. તેઓ ધારણ માગે છે. ભગવાન નિષ્કામ છે, છતાં કાયમ બને છે. હવે ભગવાન શ્રીકૃષ્ણ ધાવવાની ઈચ્છાથી દહીં વલોવતી પોતાની માતા પાસે આવે છે. ઈશ્વર કંઈ જ ખાતા નથી, પણ ભક્તના હૃદયની આ ભાવના છે. ભક્તનું હૃદય પ્રેમમાં આર્દ્ર બને ત્યારે જ ભગવાનને ભૂખ-તરસ લાગે છે. કનૈયો ધીરે ધીરે પાછળથી આવે છે અને માની સાડીનો છેડો ખેંચે છે. મા તો એવાં તન્મય થયાં છે કે, લાલો ક્યારે આવ્યો તેની ખબર નથી. કનૈયો કહે છે કે, મા, તું કામ છોડી દે, મને ગોદમાં લે! મને ભૂખ લાગી છે. યશોદા સાધક છે, દધિમંથન સાધન છે, શ્રીકૃષ્ણ સાધ્ય છે. મનુષ્ય ઈશ્વરની ખરા હૃદયથી સાધના કરતો નથી, તેથી તેને ભગવાન દેખાતા નથી.કનૈયો પાછળ પડે તો તે કેમ ન મળે? અરે! તે તો જીવને મળવા આતુર જ છે,પણ જીવને ઈશ્વરને મળવાની ઈચ્છા જ નથી થતી. સાધન કરતાં એવી રીતે તન્મય બનો,દેહભાન ભૂલી જાવ કે સાધ્ય તમારી પાછળ આવે. જેમ યશોદા ની ભક્તિ જોઈ કનૈયો યશોદા માતાનો પાલવ પકડે છે, તેમ જો તમારી પણ સાધનામાં તન્મયતા થશે તો સાધ્ય જરૂરથી તમારી પાસ આવશે જ.

આ જ પુષ્ટિભક્તિ છે. ભક્તને પોતાના સુખનો વિચાર કરવાનો નહીં. કેવળ ઠાકોરજીના સુખનો જ વિચાર કરવો.આ છે પુષ્ટિમાર્ગ.આ છે પુષ્ટિભક્તિ. મન ને શ્રીકૃષ્ણમાં પરોવી રાખો તો કનૈયો તમારા હૃદયમાં નગશે જ. આ એનો કૉલ છે, જે હજારો વર્ષથી પળાતો આવ્યો છે. શ્રીકૃષ્ણનું કીર્તન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં જગત ભૂલાય છે અને પ્રભુ સાથે તન્મય થવાય છે.યોગીઓ આંખો બંધ કરી બ્રહ્મ ચિંતન કરી જગતને ભૂલવા પ્રયત્ન કરે છે.છતાં જગતને જલદી ભૂલાતું નથી,જ્યારે ભક્તો તે સહેલાઈથી કરી શકે છે. તન, મન અને વાણીથી એક થઈ ભગવાનની પાછળ પડે તો ભગવાન પકડાયા વિના રહે નહીં. એવી રીતે પકડાવું ભગવાનને ગમે. પ્રેમથી સ્મરણ કરો તો શ્રીકૃષ્ણ પ્રેમમાં હૃદય પીગળે, એટલે આનંદ મળે છે. આનંદ એ બ્રહ્મનું સ્વરૂપ છે, શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ આનંદસ્વરૂપ છે, પ્રેમ સ્વરૂપ છે. કનૈયો ઘૂંટણીએ ચાલતાં મા પાસે આવ્યો. માને કહે, મા, મને ભૂખ લાગી છે. ખાવા આપ. યશોદાએ જે કામ હાથમાં લીધેલું તે મૂકવાનું મન થતું નથી. તે ધ્યાન આપતાં નથી. કનૈયો રડવા લાગ્યો. તરત માએ કામ મૂકી કનૈયાને ગોદમાં લીધે અને ધવડાવવા લાગ્યાં.દૂધની ધારા છૂટી. ભક્તિમાં હૃદય પીગળે એટલે આનંદ થાય.

આનંદ ઈશ્વરનું સ્વરૂપ છે. યશોદાએ જીવ છે, શ્રી કૃષ્ણ એ પરમાત્મા છે. યશોદા બાળકને ધવડાવતા નથી. યશોદા બાલકૃષ્ણને ગોદમાં લઈ પરમાત્મા સાથે એક થયાં છે, તેમને બ્રહ્મ સંબંધ થયો છે. આ અદ્વૈતની કથા છે. જીવ અને બ્રહ્મનું આ મિલન છે. જીવ અને બ્રહ્મનું મિલન થાય ત્યારે તેનું મન ચૂલા ઉપર જાય છે. ઈશ્વર મિલન નો પ્રસંગ આવે ત્યારે વિષયો મન માં આવવાનું કરે છે. સ્તનપાન કરતાં કરતાં આજે કનૈયાને માતાની પરીક્ષા કરવાની, એટલે કે માતાનો હું વહાલો છું કે આ સંસાર વહાલો છે તે જોવાની ઈચ્છા થઈ. પરમાત્મા કસોટી કરે છે? અને પછી કૃપા કરે છે. શ્રીકૃષ્ણ કોઈને પણ કસોટી કર્યા વગર અપનાવતા નથી. ઈશ્વર દરેક જીવની પરીક્ષા કરે છે. ઈશ્વર એવી ઈચ્છા રાખે છે કે, જીવ મારી સાથે જ વધારે પ્રેમ કરે. ઈશ્વરનો પટ્ટો ગળામાં રાખ્યો તે પછી ઈશ્વર સિવાય બીજામાં પ્રેમ ન કરે. ઈશ્વર અપેક્ષા રાખે છે કે, જીવ મારી સાથે પ્રેમ કરે, પ્રેમ કરવા જેવો એક ઈશ્વર છે. જગત ના પદાર્થોમાં કરેલો પ્રેમ એક દિવસ રડાવે છે. માનો પ્રેમ મારામાં છે કે સંસારમાં? ખોળામાં સૂતો સૂતો કનૈયો વિચારે છેકે, અગ્નિને આજ્ઞા કરીશ.તું ચૂલા માં જા.એટલે દૂધનો ઊભરો આવશે,એટલે દૂધ ચૂલામાં પડશે. મને છોડે નહીં તો હું વહાલો અને જો મને છોડી દૂધ ઉતારવા જશે તો સંસાર વહાલો. વાચક ચાહક મિત્રો, આજે આપણે પંચોતેરમો પ્રજાસત્તાક દિન રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ખુશાલી સાથે ઉજવાશે.

### પંકજ ત્રિપાઠીની ફિલ્મ મેં અટલ હું ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં આવી છે


# આખો દિવસ વિશ્વાસ કરવામાં પસાર થશે કે હું વડાપ્રધાન બન્યો છું



બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા પંકજ ત્રિપાઠીની એક્ટિંગથી દરેક લોકો પ્રભાવિત છે. આ દિવસોમાં તે તેની ફિલ્મ મૈં અટલ હૂં માટે ચર્ચામાં છે. આ બાયોપિક ફિલ્મમાં પંકજ ત્રિપાઠીએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ભૂમિકા ભજવી છે, જેને ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. તેની એક્ટિંગના ખૂબ વખાણ થઈ રહ્યા છે. આ દરમિયાન પંકજ ત્રિપાઠીએ કહ્યું કે જો તેમને ક્યારેય એક દિવસ માટે દેશના વડાપ્રધાન બનવાની તક મળે તો તેઓ શું કરશે. ઈન્ટરવ્યુ દરમિયાન પંકજ ત્રિપાઠીને પૂછવામાં આવ્યું કે જો તેમને એક દિવસ માટે દેશના વડાપ્રધાન બનાવવામાં આવે તો શું કરશો? આ સવાલનો તેણે મજેદાર જવાબ આપ્યો. તેમણે કહ્યું, 'આખો દિવસ વિશ્વાસ કરવામાં પસાર થશે કે હું વડાપ્રધાન બન્યો છું. નિર્ણય ક્યાંથી લઈશું, એ સમજવામાં અને વિશ્વાસ કરવામાં સમય પૂરો થઈ જશે. ત્યારે ખ્યાલ આવશે કે તમારો સમય પૂર્ણ થઈ ગયો છે. પંકજ ત્રિપાઠીએ ભાઈ ભત્રીજાવાદ પર શું કહ્યું?: બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં નેપોટિઝમ (ભાઈ ભત્રીજાવાદ)નો મુદ્દો અવારનવાર ઊભો થતો રહે છે. પંકજ ત્રિપાઠીએ પણ આ અંગે ખુલીને વાત કરી હતી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે ભત્રીજાવાદ વિશે શું વિચારે છે, તો અભિનેતાએ જવાબ આપ્યો, 'તે વિશ્વના દરેક ક્ષેત્રમાં થાય છે. અન્ય ક્ષેત્રના લોકોના ઈન્ટરવ્યુ લેવામાં આવતા નથી તેથી આ મુદ્દો ઉભો થતો નથી અને પ્રતિભા એ પ્રતિભા છે, આ પણ મહત્વનું છે. કોઈપણ પરિવારનું બાળક પણ પ્રતિભાશાળી હોઈ શકે છે. તેથી વસ્તુઓને પ્રતિભાથી માપવી જોઈએ. પંકજ ત્રિપાઠીની ફિલ્મ 'મેં અટલ હું' ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં આવી છે. આમાં પંકજ ત્રિપાઠીના અભિનયના વખાણ થયા છે પરંતુ અપેક્ષા મુજબ આ ફિલ્મને બોક્સ ઓફિસ પર બહુ પ્રતિસાદ મળ્યો નથી. રિપોર્ટ અનુસાર, 'મૈં અટલ હૂં' પાંચ દિવસમાં ૧૦ કરોડ રૂપિયા પણ કમાઈ શકી નથી. ચાહકો આતુરતાથી 'મિર્ઝાપુર ૩'ની રાહ જોઈ રહ્યા છે.

## અટલ બિહારીના રૂપમાં ખીલીને મહેક્યા પંકજ ત્રિપાઠી

### ૯૩ વર્ષનું લાંબુ અને અભૂતપૂર્વ જીવન જીવનારા આવા વ્યક્તિત્વની બાયોપિકને પડદા પર લાવવી એ કોઈ સરળ કામ નથી, અટલ બિહારી વાજપેયી એ છેલ્લા રાજકારણીઓમાંના એક છે



ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી એ છેલ્લા રાજકારણીઓમાંના એક છે. જેઓ બધાના પ્રિય રહ્યા હતા. તેમની રાજકીય વિચારધારા તેમના નૈતિક મૂલ્યો, તેમની સંવેદનશીલતા, તેમનું ગતિશીલ વ્યક્તિત્વ, તેમના ધારદાર બોલવાનો અંદાઝ પ્રત્યેના તેમના અપાર સમર્પણ હોવા છતાં તેમના સાથીદારો અને પ્રશંસકોમાં જ નહીં, પરંતુ તેમના વિરોધીઓમાં પણ તેમના પ્રશંસક બન્યા હતો. ૯૩ વર્ષનું લાંબુ અને અભૂતપૂર્વ જીવન જીવનારા આવા વ્યક્તિત્વની બાયોપિકને પડદા પર લાવવી સરળ કામ નથી, પરંતુ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા દિગ્દર્શક રવિ જાધવે પોતાની નવી ફિલ્મ 'મૈં અટલ હું'ના રૂપમાં આ મુશ્કેલ પડકારને સ્વીકારી લીધો છે. આ ફિલ્મમાં જ્યારે તેઓ અટલજીના બાળપણ અને વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાનની સિદ્ધિઓને આવરી લેવામાં ઘણી હદ સુધી સફળ થયા છે, ત્યારે તેઓ કેટલીક જગ્યાએ નિશાન પણ ચૂકી ગયા છે. આ ફિલ્મ અટલ બિહારી બાજપેયી (પંકજ ત્રિપાઠી)ના બાળપણથી શરૂ થાય છે. તેમનું કૉલેજ જીવન, RSS સાથે તેમનું જોડાણ, તેમનો રાજકારણમાં પ્રવેશ અને ઉદય, વિદેશ પ્રધાન તરીકેનો તેમનો કાર્યકાળ અને પછી વડાપ્રધાન તરીકેનું યોગદાન, ભારતમાં તેમનું યોગદાન પોખરણ ટેસ્ટ, લાહોર બસ યાત્રા, કારગિલ વિજય જેવા મહત્વપૂર્ણ વિકાસ દર્શાવે છે. આ ઉપરાંત તે નહેરુના નિધન ઈન્દિરા ગાંધીના વડાપ્રધાન બનવા, ઈમરજન્સી, ઓપરેશન બ્લુ સ્ટારના યુગને પણ દર્શાવે છે. ત્યારે કોંગ્રેસ પાર્ટીની ખામીઓ દર્શાવવામાં જરાય શરમાતી નથી. આ કારણોસર ફિલ્મ ક્યારેક ડોક્યુમેન્ટ્રી જેવી લાગે છે. ખાસ કરીને આગળના ભાગમાં એવું લાગે છે કે જાણે ઈતિહાસના પાના જ ઉલટાવી રહ્યા હોય, પરંતુ આ દરમિયાન અટલ અને તેના પિતા કૃષ્ણ બિહારી (પિયુષ મિશ્રા) વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો, અટલ અને રાજકુમારી (એકતા કૌલ) વચ્ચેના પ્રેમભર્યા સંબંધો હૃદયને સ્પર્શી જાય છે. સ્ટોરીના પાછળના ભાગમાં ટર્ન આવે છે, જ્યાં કવિ અટલ બિહારી એક રાજકારણી તરીકે પોતે ટોપ પર પહોંચે છે. સ્ટેજ પરના તેમના ભાષણો ફિલ્મમાં પણ ગુસબમ્પ્સ આપે છે. ઈમરજન્સી દરમિયાન જેલમાંથી છૂટ્યા પછી ધોધમાર વરસાદમાં અટલનું ભાષણ જોવા જેવું છે. આનો શ્રેય મજબૂત સંવાદ લેખન અને પંકજ ત્રિપાઠીના ઉત્તમ અભિનયને જાય છે. આ ફિલ્મ સંપૂર્ણપણે પંકજ ત્રિપાઠીના ખભા પર ટકેલી છે અને આ ભૂમિકામાં તે તેના નામ (પંકજ એટલે કે કમલ) જેટલા જ મહેકી ઉઠે છે. ફિલ્મના પહેલા સીનમાં તેને અટલ તરીકે જોવા થોડા વિચિત્ર લાગે છે, પરંતુ જેમ-જેમ ફિલ્મ આગળ વધે છે તેમ-તેમ તે અટલ બિહારીનું પ્રતિબિંબ બની જાય છે. તેના સિવાય પીયૂષ મિશ્રા અને એકતા કૌલે પણ સૉલિડ પર્ફોર્મન્સ આપ્યું છે. લોરેન્સ ડી કુન્હાની સિનેમેટોગ્રાફી ફિલ્મને દૃષ્ટિની રીતે સમૃદ્ધ બનાવે છે. મ્યુઝિક સ્ટોરીને અનુકૂળ છે.

### થિયેટરમાં અક્ષય-ટાઇગરની જોડી મચાવશે ધમાલ

# જબરજસ્ત એક્શનથી ભરપૂર છે બડે મિયાં છોટે મિયાંનું ટીઝર

### ફિલ્મના ટીઝરમાં અક્ષય કુમાર અને ટાઇગર શ્રોફ આર્મી ઓફિસરના લુકમાં જોવા મળી રહ્યા છે, આ મૂવીનું ટીઝર લોકોને ખૂબ પસંદ પડી રહ્યુ છે




ફિલ્મ બડે મિયાં છોટે મિયાંનું દમદાર એક્શનથી ભરપૂર ટીઝર રિલીઝ થઈ ગયુ છે. આ ટીઝરમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની જબરજસ્ત એક્ટિંગ જોવા મળી રહી છે. આ સાથે ટીઝરમાં ઘાંસૂ વિલનની ભૂમિકા પણ જોવા મળી રહી છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' હાલમાં ખૂબ ચર્ચામાં છે. ઈદના દિવસે આ ફિલ્મને રિલીઝ થશે.

ફિલ્મ એક એક્શન થ્રિલર સાયન્સ ફિક્શન છે જેમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ ખતરનાક સ્ટંટ કરતા જોવા મળી રહ્યા છે. બન્ને એક્ટર પહેલી વાર એક સાથે નજરે પડવાના છે. ફિલ્મમાં બન્નેની ભૂમિકા ઘાંસૂ હશે. આ સાથે વિલન પણ જોરદાર હશે. હાલમાં ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યુ છે જે દમદાર છે. આ ટીઝરમાં અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ આર્મી ઓફિસરના લુકમાં જોવા મળી રહ્યા છે.

આ ટીઝર લોકોને ખૂબ પસંદ પડી રહ્યુ છે. અક્ષય કુમારે ઈન્સ્ટાગ્રામ ટીઝર પોસ્ટ કર્યુ છે. આ ટીઝર પોસ્ટ કરતા કેપ્શનમાં લખ્યુ છે કે દિલ સે સોલ્ઝર, દિમાગ સે શૈતાન હૈ હમ, બચકે રહના હમશે હિન્દુસ્તાન હૈ હમ. ટીઝરમાં આર્મી અને આંતકીઓ લડતા જોવા મળી રહ્યા છે. બેકગ્રાઉન્ડમાં એક વોઈસ ઓવર ચાલી રહ્યો છે જે વિલનનો છે.

આ વિલન કોઈ બીજુ નહીં, પરંતુ સુપરસ્ટાર પૃથ્વીરાજ છે. પૃથ્વીરાજ વિલન છે. ફિલ્મના ટીઝરમાં એક રોબોટ બનીને દેખાય છે, જેના પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે અક્ષય-ટાઈગરની એક્ટિંગ દમદર હશે. આ ફિલ્મમાં કમાલના વીએફએક્સ જોવા મળશે. આ ફિલ્મને અલી અબ્બાસ જફરે નિર્દેશિત કર્યુ છસ જફરે નિર્દેશિત કરી છે અને પૂજા એન્ટરટેનમેન્ટ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી રહી છે. ફિલ્મમાં અલાયા એફ, સોનાક્ષી સિન્હા અને માનુષી છિલ્લર પણ છે.



આ ફિલ્મમાં એક સાથે ત્રણ હસીનાઓનો તડકો જોવા મળશે. ઉલ્લેખનીય છે કે છેલ્લે અક્ષય કુમાર મિશન રાનીગંજમાં જોવા મળ્યો હતો. આ વર્ષે અક્ષય કુમારની ત્રણ મોટી ફિલ્મો રિલીઝ થઈ. આમાં સેલ્ફી અને ઓહ માય ગોડ ૨ શામેલ છે. સેલ્ફી પડદા પર કંઈ ખાસ કમાલ કરી શકી નહીં, પરંતુ ઓએમજી ૨ને ફેન્સને અઢળક પ્રેમ મળ્યો. આમ, અક્ષય કુમારની આગામી ફિલ્મોની વાત કરીએ તો વેલકમ ટૂ જંગર, હેરા ફેરી ૩ છે.

## અનોખી દુલ્હનની તારક મહેતાના શોમાં થશે ધમાકેદાર એન્ટ્રી

### શોમાં એક્ટ્રેસ પૂજા ભારતી શર્માની એન્ટ્રી થઇ રહી છે, શોમાં એક કેમિયો રોલ કરતી જોવા મળશે



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા એક એવો શો છે જે વર્ષોથી લોકોને પોતાની સાથે જોડી રાખે છે. શોના મેકર્સ નવા ટ્વિસ્ટની સાથે ફેન્સને નવી-નવી અપડેટ આપતા રહેતા હોય છે. આ વખતે શોમાં એક જોરદાર ટ્વિસ્ટ આવવાનો છે. શોમાં ફરી એક વાર ખુશીનો માહોલ જોવા મળશે. આમ, તમે વિચારી રહ્યા છો કે દયાબેનની એન્ટ્રી થવાની છે તો એવું નથી. ફરી એક વાર પોપટલાલની નવી જીંદગીમાં દુલ્હનની એન્ટ્રી થવાની છે. પોપટલાલના ઘરે ઢોલ વાગશે. એવું લાગી રહ્યુ છે કે પોપટલાલ લગ્ન કરવા માટે ઘોડી પર ચઢશો તો આ સાથે મહિલા મંડળીમાં એક નવા સભ્યની એન્ટ્રી થશે. શોમાં બતાવવામાં આવશે કે પોપટલાલને ફરી એક વાર પ્રેમ થશે. પોપટલાલના દિલમાં પ્રેમનું ગિટાર વાગશે અને લાઈફમાં લેડીલવની એન્ટ્રી થશે. મેકર્સ દ્વારા પ્રોમો રિલીઝ થયા પછી એવું લાગી રહ્યુ છે કે પોપટલાલે જેની વર્ષોથી રાહત જોઈ રહ્યા છે એ હવે ખતમ થઈ જશે અને એમની ઈચ્છા પૂરી થઈ જશે. પોપટલાલનું સપનું પણ પૂરુ થઈ જશે. મળતી માહિતી અનુસાર શોમાં એક્ટ્રેસ પૂજા ભારતી શર્માની એન્ટ્રી થઈ રહી છે. શોમાં એક કેમિયો રોલ કરતી જોવા મળશે. આ ભૂમિકામાં એનું નામ અનોખી છે. પોપટલાલ અને અનોખીની મુલાકાત પ્રોમોમાં જોવા મળી રહી છે. અનોખીને જોતા પોપટલાલ એના દિવાના થઈ જાય છે. અનોખી પણ પોપટલાલની આંખોમાં ડૂબી જાય છે. પોપટલાલ અને અનોખીની આ મુલાકાત મોલમાં થાય છે.

## જહાનવીના ઘરની અંદરની તસવીરો વાયરલ થઈ

### જહાનવીએ પોતાનું જુહૂવાળા એપાર્ટમેન્ટ રાજકુમાર રાવને વેચી દીધું છે અને હવે તે પાલી હિલના આલીશાન ઘરમાં રહે છે



જહાનવી કપૂરનું ઘર વાઈટ થીમની સાથે બનેલું છે, જે મોર્ડન અને ક્લાસિક ઈંટીરિયરનું ઉત્તમ ઉદાહરણ છે. પાલી હિલના આ એપાર્ટમેન્ટને ખરીદ્યા બાદ જહાનવી એક્ટર રણબીર કપૂર, સિદ્ધાર્થ મલ્હોત્રા અને સંજય દત્તા જેવા સ્ટારની પાડોશી બની ગઈ છે. પાલી હિલના **Kubelisque Building**ના પહેલા અને બીજા માળ પર બનેલા આ ઘરમાં એક પ્રાઈવેટ સ્વીમિંગ પૂલ છે અને સાથે જ મોટો ઓપન ગાર્ડન પણ છે. આ ગાર્ડનમાં ઓપન કિચન તથા બાર એરિયા પણ છે. જ્યાં કપૂર્સની પાર્ટી થાય છે. આ ઘર માટે કૂલર કલર પેલેટ યૂઝ કર્યા છે. જ્યારે ઘરમાં કલર્સનો ઉપયોગ શાનદાર પેન્ટિંગ્સથી કર્યો છે. જહાનવીએ જણાવ્યું કે તેના ઘરની સુંદરતા વધારવાનું કામ આર્ટ વર્ક કરે છે. આ બધું જ આર્ટવર્ક શ્રીદેવીની પસંદ છે. જહાનવી આ વીડિયોમાં જણાવે છે કે તેની માતાએ પસંદ કરેલા પેન્ટિંગ્સ અને આર્ટવર્ક જ આ મકાનને ઘર બનાવે છે. જહાનવી જણાવે છે કે તેના ઘરની સૌથી સુંદર વાત એ છે કે, અહીં સફેદ માર્બલનો ખૂબ જ ઉપયોગ કર્યો છે. સફેદ માર્બલના ઉપયોગનો સૌથી મોટો ફાયદો એ છે કે, તમે ઘરમાં કોઈ પણ રંગની વસ્તુઓ સજાવી શકશો. કારણ કે સફેદ રંગ બાકીના કલર્સને કમ્પ લીમેંટ કરે છે. તેના ઘરના લિવિંગ એરિયાનો આ ખૂણો જહાનવીને સૌથી વધારે પસંદ છે. જહાનવીની વાત માનીએ તો, એક્ટ્રેસ જ્યારે આ ઘરમાં આવી તો, તેણે પહેલા દિવસ આ સોફા પર વિતાવ્યો હતો. હકીકતમાં જોઈએ તો, ઘરના આ ભાગમાં વુડન ફ્લોરિંગ છે. જે બાકીના એરિયા કરતા વધારે વોર્મ બનાવે છે. સાથે જ આ તસવીરમાં તમે જોઈ શકશો કે એક મોટી વિંડો છે, જેની બહાર હરિયાળી છે. આ મોટી વિંડોના કારણે આ નાનો એવો એરિયા પણ ખૂબ જ મોટો લાગી રહ્યો છે. સાથે જ કાંચની બારી બહારની હરિયાળી ઘરનો ભાગ હોય તેવું લાગી રહ્યું છે. સેકન્ડ ફ્લોર પર કોરિડોર એરિયાનો ઉપયોગ જહાનવી કપૂરે ફોટો વોલ તરીકે કરવામાં આવે છે.

### જાગૃત વ્યક્તિઓ દ્વારા ઉચ્ચસ્તરે રજૂઆત કરાતા કૌભાંડ આચરનારા સતેજ જોવા મળ્યા

# ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામના વ્યક્તિઓના વૃદ્ધ પેંશન યોજનાના રૂપિયા ઓટીપી દ્વારા ઉપાડવાનો કૌભાંડ બહાર આવ્યું

### નગરમાં અગાઉ નકલી કચેરીનું કૌભાંડ તેમજ આ અગાઉ એસ.બી.આઇ બેંકમાં કૃષિ લોન કૌભાંડ અને હવે વૃદ્ધ અભણ ગરીબ પ્રજાના પેંશન યોજનાનું કૌભાંડ બહાર આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ નગર આદિવાસી વિસ્તાર ધરાવતો વિસ્તાર છે. આ વિસ્તારના ગરીબ આદિવાસી પ્રજા ખેતી પછી સરકારની સહાય યોજનાઓ પર પોતાનું જીવન નિર્વાહ કરતી હોય છે. સરકાર દ્વારા પછાત વિસ્તારમાં વિવિધ યોજનાઓ થકી વિકાસની અસંખ્ય યોજનાઓ મુકવામાં આવેલ છે તે પૈકી વૃદ્ધ લોકો માટે વૃધ્ધ પેંશન યોજના સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલ છે જે પેંશન વૃદ્ધ લોકોને તેમના ખાતામાં મળે છે. અહીંની અભણ પ્રજાને ગુમરાહ કરવા અમુક કૌભાંડી વચેટીયા બની કામગીરી કરતા હોય છે.આવો જ એક વૃદ્ધ પેંશન યોજનાનો કિસ્સો બહાર પ્રકાશમાં આવેલ છે.

ઝાલોદ તાલુકાના ધાવડીયા મુકામના વૃધ્ધ લોકો સરકાર દ્વારા ચલાવાતી વૃદ્ધ પેંશન યોજનાનો લાભ રહી રહેલ છે તે પૈકી અમુક કૌભાંડ આચરનાર લોકો દ્વારા આ અભણ વૃદ્ધ લોકોના ખાતામાં આવેલ રૂપિયા ઓ.ટી.પી દ્વારા બારોબાર પચાવી લીધા હોય તેવો કિસ્સો બહાર આવ્યો છે. ધાવડીયા મુકામે રહેતા ભાભોર દલાભાઈ સોમજીભાઈ, ભાભોર રતનબેન દલાભાઈ, ભાભોર રંગજીભાઈ કોમજીભાઈ એ એક અરજી દ્વારા વૃદ્ધ પેંશન યોજનામાં તેમના ખાતામાંથી કોઈ અજાણી વ્યક્તિ દ્વારા રૂપિયા ઉપાડી છેતરપીંડી થઈ હોવાનું જણાવ્યું છે.

ઉપરોક્ત દરેક વ્યક્તિઓને અંદાજે એક વર્ષથી સરકાર દ્વારા મળતું વૃદ્ધ પેંશન તેમના ખાતામાં આપવામાં આવે છે પરંતુ કોઈ અજાણી કૌભાંડ આચરનાર વ્યક્તિ દ્વારા મોબાઈલ નંબર પર ઓ.ટી.પી લઈ રૂપિયા બારોબાર સગેવગે કર્યાનો ઘટસ્ફોટ થયો છે. ઉપરોક્ત અરજદારો દ્વારા



ભોગ બનનાર વૃદ્ધ વ્યક્તિઓ

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પોતાના પોસ્ટ ખાતામાં વધુ તપાસ હાથ ધરવામાં આવતા આ વૃદ્ધ પેંશન અજાણી વ્યક્તિ ઓ.ટી.પી લઈ ઉપાડી લીધેલ હોવાનું બહાર આવ્યું હતું. ઉપરોક્ત દરેક વ્યક્તિના પોસ્ટમાં ખાતા છે જે અનુક્રમે ૦૧૪૧૧૦૩૧૨૧૮૬, ૦૧૪૧૧૦૩૧૨૧૮૦, ૦૧૪૧૧૦૩૧૨૧૯૯ નંબર છે અને અજાણી વ્યક્તિ દ્વારા ઉપરોક્ત ખાતા ધરાવનાર ખાતેદારોના ખાતા મોબાઈલ નંબર થી ઓ.ટી.પી લઈ રૂપિયા ઉપાડેલ છે. ૯૯૭૮૮૧૯૧૪૯, ૬૩૫૯૮૯૭૬૮૩, ૯૯૨૫૦૭૮૨૯૪ આ મોબાઈલ નંબર દ્વારા ઓ.ટી.પી લઈ રૂપિયા બરોબર ઉપાડવાનું બહાર આવેલ છે.

આ ત્રણ ફરિયાદી સિવાય પણ ઘણા બધા વૃદ્ધ દંપતીઓ આવી ઘટનાનો શિકાર બની હોઈ શકે છે. ઉપરોક્ત અરજી આપ્યા બાદ આ કૌભાંડ કરનારા સતેજ થઈ ગયેલ હોવાનું માલુમ પડેલ છે કેમકે અરજી કર્યા બાદ આ અરજી કરનારના ખાતા માંથી દંપતીને રૂપિયા મળેલ છે. તો અભણ ગરીબ પ્રજાને લૂંટનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરી અગાઉ આ લોકોના રૂપિયા જે બારોબાર ઉપડી ગયેલ છે તે તેમને પાછા મળે તેવી માંગ પીડિત લોકો દ્વારા કરવામાં આવેલ છે.

# કલેકટર શ્રી કે.એલ.બચાણીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામા આવી



। (માહિતી) નડિયાદ, તા.૨૫ ।

કલેકટરશ્રી કે.એલ.બચાણીની અધ્યક્ષતામાં અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે નવી જિલ્લા પંચાયત ભવન પટેલ હોલ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કલેકટરશ્રી કે.એલ.બચાણીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૪ની શુભકામનાઓ પાઠવી પ્રથમ વખત મતદાન કરતા વોટર્સને મતદાનની અગત્યતા સમજાવી ચૂંટણી વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં કલેકટરશ્રીએ યંગ વોટર્સ, ૮૦ વર્ષથી વધુ વયના મતદાર, Third Gender વોટર્સને વધુમા વધુ લોકો સુધી મતદાન વિષે જાગૃતિ ફેલાય તે અંગે વિનંતિ કરી જણાવ્યુ હતુ. અને ઉમેર્યુ કે, જેટલા સારા પ્રમાણમાં મતદાન થશે એટલુ જ મજબૂત રાષ્ટ્ર બનશે. આ પ્રસંગે કલેકટરશ્રી કે.એલ.બચાણી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલ અગ્રવાલે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના તાલુકા ઈન્સ્પેકટર તથા તમામ કેમ્પસ એમ્બેસેડર હાજર રહેલ, સદર કાર્યક્રમમાં ૮૦ વર્ષથી વધુ વયના મતદાર, PWDs વોટર્સ,Third Gender વોટર્સ તથા યુવા મતદારો તથા સર્વિસ વોટર્સનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલ અગ્રવાલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કુસુમ સુધિર પ્રજાપતિ,તેમજ જિલ્લા પંચાયતના અધિકારીઓ કર્મચારીઓ તેમજ કોલેજના વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ થી આશ્રમ એક્સપ્રેસ ટ્રેનના ટર્મિનસ સ્ટેશનમાં ફેરફાર

### અમદાવાદ-દિલ્લી આશ્રમ એક્સપ્રેસ ટ્રેનનું સંચાલન અમદાવાદને બદલે સાબરમતીથી થશે

। અમદાવાદ, તા.૨૫ ।

રેલવે પ્રશાસન દ્વારા ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ થી ટ્રેન નંબર ૧૨૯૧૫/૧૨૯૧૬ અમદાવાદ-દિલ્લી-અમદાવાદ આશ્રમ એક્સપ્રેસ ટ્રેનનું સંચાલન (આગમન-પ્રસ્થાન) અમદાવાદ સ્ટેશનની જગ્યાએ સાબરમતી (ધર્મનગર તરફ) થી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

ટ્રેન નંબર ૧૨૯૧૫ અમદાવાદ-દિલ્લી આશ્રમ એક્સપ્રેસ ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ અમદાવાદ સ્ટેશનની જગ્યાએ સાબરમતીથી ૧૯:૪૦ કલાકે પ્રસ્થાન કરશે. આ રીતે ટ્રેન નંબર ૧૨૯૧૬ દિલ્લી-અમદાવાદ આશ્રમ એક્સપ્રેસનું ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ થી સાબરમતી સ્ટેશન પર આગમન ૦૫:૫૫ કલાકે થશે અને ટ્રેન સાબરમતી સ્ટેશન પર જ ટર્મિનેટ (સમાપ્ત) થશે અને ટ્રેન અમદાવાદ સ્ટેશન પર જશે નહીં. યાત્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના રોકાણ, સંરચના, માર્ગ અને સમય અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# નેક્સસ અમદાવાદ વન દ્વારા પ્રજાસત્તાક વિકેન્ડમાં ફ્લેટ ૫૦% ઓફ




। અમદાવાદ, તા.૨૫ ।

નેક્સસ અમદાવાદ વને ૨૬મી જાન્યુઆરીથી ૨૮મી, ૨૦૨૪ સુધીના ત્રણ દિવસીય રિપબ્લિક રજૂ કર્યું છે , જેમાં ૧૦૦થી વધુ બ્રાન્ડ્સ પર ફ્લેટ ૫૦%ની છૂટ ની ઓફર છે. આ લાંબા સપ્તાહના વેચાણમાં ઈલેક્ટ્રોનિક્સ, જ્વેલરી અને વધુ પર નિશ્ચિત ડિસ્કાઉન્ટ છે, જે સમજુ ખરીદદારો ને સિઝનના સૌથી મોટા ડિસ્કા-ઉન્ટમાં સામેલ થવાની સંપૂર્ણ તક આપે છે.

ખરીદનારાઓ નો ઉત્સાહ વધારવા રૂ. ૧૦,૦૦૦ કે તેથી વધુની ખરીદી કરનારને ૫૫ ચાંદીનો સિક્કો મળશે. રૂ.૨૦,૦૦૦થી વધુના બિલ માટે ૨ ચાંદીના સિક્કા અને રૂ.૩૦,૦૦૦થી વધુના બિલ માટે ૩ ચાંદીના સિક્કા સાથે, જે તેમના શોપિંગ અનુભવને મહત્તમ કરવા માટે સમર્થકો માટે એક અદભૂત પ્રોત્સાહન બનાવે છે.

આ સેલ સાથે નેક્સસ અમદાવાદ વન દ્વારા ૨૬મી જાન્યુઆરીના રોજ સાંજે ૪ વાગ્યે શરૂ થતી અદભૂત કિડ્સ ડાન્સ કોમ્પિટિશનનું પણ આયોજન કરાયું છે. આ ઈવેન્ટ, બધા માટે ખુલ્લી અને રજીસ્ટ્રેશન ફ્રી છે, જે યુવા અને પ્રતિભાશાળી પ્રતિભાગીઓ દ્વારા દેશભક્તિના ડાન્સ મૂવ્સથી ભરેલી એક અવિસ્મરણીય સાંજનું વચન આપે છે.

# આણંદ જિલ્લાના કરમસદ ખાતે સાયબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) આણંદ, તા.૨૫ ।

આણંદ જિલ્લામાં નાગરિકોને સાયબર ક્રાઈમ વિશે માહિતગાર કરવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અતુલકુમાર બંસલના સૂચન અન્વયે જિલ્લા પોલીસ ટીમ દ્વારા નાગરીકોમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવી જિલ્લામાં બનતા સાયબર ક્રાઈમના બનાવો અટકાવવાના હેતુથી સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જે અન્વયે આણંદ મુખ્ય પોલીસ મથક નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.જે.ચૌધરીના માર્ગદર્શન તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, આણંદના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સી.પી.ચૌધરીની સૂચના હેઠળ કરમસદ સ્થિત ભાઈકા-કા યુનિવર્સિટીની પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ ખાતે સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક સર્વશ્રી જે.જે.ચૌધરી અને વિશ્વા શાહ, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.ડી. પુરોહિત, એએસઆઈ મુસ્તકીમ મલેક, સાયબર પ્રમોટર વીરેન જોષી દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને સાયબર અવેરનેસ (જાગૃતતા) બાબતે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

# ઝાલોદ સમસ્તનું ગૌરવ વધારતી આર્ટ્સ કોમર્સ કોલેજની છાત્રા કુ.મેઘના વસૈયા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

આગામી પ્રજાસતાક દિનની ઉજવણી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જૂનાગઢ ખાતે અતિ ભવ્ય સમારોહ યોજી કરવામાં આવનાર છે. ઉક્ત સમારોહમાં રાજ્યભરની વિવિધ યુનિવર્સિટીઓના એન.એસ વિભાગના કેડેટ્સ પણ પોતાની યોગ્યતા સિદ્ધ કરી પસંદ કરાય છે.વર્ષ ૨૦૨૪ ની આ ખાસ ઉજવણીમાં ઝાલોદ કોલેજની એન.એસ.એસ કેડેટ કુ.મેઘના પ્રજાસતાક દિનની પરેડમાં ભાગ લઈ સમગ્ર દાહોદ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરનાર છે.આ ગૌરવશાળી ક્ષણે કોલેજના આચાર્ય,સ્ટાફ સદસ્યો અને એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડો.બહાદુરસિંહ ગોહિલે કુ. મેઘનાને યુનિટનું નામ રોશન કરવા બદલ અને સમગ્ર ઝાલોદ પંથકનું નામ રોશન કરવા બદલ અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યા હતા.

# ઝાલોદ તાલુકાના થેરકા ગામે ઓટો રીક્ષામાં કરાય મહિલાની સફળ પ્રસુતિ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ઝાલોદ તાલુકાના થેરકા ગામના સ્થાનિક સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮ ની મદદ લેવામાં આવી હતી ત્યારે ઝાલોદ ૧૦૮ની ટીમને કેસ મળતાની સાથેજ તાત્કાલિક થેરકા ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા પ્રસૂતિનો દુખાવો વધારે એટલેકે શિવયર થતો હતો અને ૧૦૮ના Emergency medical Technician આશિષ.કે.ડામોર અને pilot અર્જુન કટારા તેમજ બેનને ઓટોરીક્ષામા જ ડિલિવરી કરાવવાની ફરજ પડતા બેનને પ્રસૂતિ કરાવવી પડી તો પ્રસૂતિ કરાવતા બાળકના ગળામાં (બે) ગર્ભ નાળ વીંટળાયેલ હતી અને ERCP ફિજીસિયન ડો. મહેશના માર્ગદર્શન થી બેનની બહુ કાળજી પૂર્વક નોર્મલ પ્રસૂતિ કરાવેલ હતી અને સારવાર આપતા આપતા સરકારી દવાખાના ઝાલોદ ના ડો.પ્રાચી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ને બધી તકલીફ જણાવી અને વધુ સારવાર માટે માતા અને બાળકને દાખલ કરવામાં આવેલ હતા. આમ ૧૦૮ દ્વારા ઈમરજન્સીમાં તત્કાલીક નોર્મલ પ્રસૂતિ કરવીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવેલ હતું.

### ગણપત યુનિવર્સિટી - મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સમાં

# ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી સ્ટેટ મિશન પ્રાયોજિત UG-BTCBC ક્રેશ વર્કશોપ – ૨૦૨૪ શરૂ થયો

। મહેસાણા, તા.૨૫ ।

ગણપત યુનિવર્સિટી - મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ ખાતે ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન પ્રાયોજિત 'UG-BTCBC ક્રેશ વર્કશોપ ૨૦૨૪'નું ઉત્સાહભેર ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જેમાં B.Sc. ના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં (જેમ કે IIT, IISc, JNU, TIFR અને Central Universities) પ્રવેશ મેળવવા માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવા સજ્જ કરવા માટે ૧૫ દિવસીય વર્કશોપની શરૂઆત થઇ હતી.

આ કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરનાર માનનીય મહેમાન શ્રી અને મુખ્ય વક્તા તરીકે પધારેલા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી, ગાંધીનગરના એસોસિયેટ પ્રોફેસર ડૉ. ચિરાયુ દેસાઈનું ઉષ્માભર્યું સ્વાગત સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. અમિત પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ GUNI-MUIS ખાતે BTCBCના સંયોજક ડૉ. હાર્દિક શાહ દ્વારા માનનીય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન, ગાંધીનગરના મેનેજર (HRD), ડૉ. મિતાલી ડાભીનું અભાર સહ સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ડૉ. અમિત પરીખ દ્વારા પ્રેરણાદાયી સ્વાગત પ્રવચન થી



થયેલી. ત્યારબાદ ડૉ. ચિરાયુ દેસાઈએ રજુ કરેલ ઔપચારિક સંબોધનમાં કારકિર્દી તરીકે સંશોધનને પસંદ કરવાના વલણને નિશ્ચિત કરવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું. ડૉ. મિતાલી ડાભીએ પણ હાજર રહેલા વિદ્યાર્થીઓને પ્રેરક વક્તવ્ય આપ્યું, જેમાં UG અને PG અભ્યાસ પછી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાર કરીને સફળ કારકિર્દીના માર્ગની કલ્પના કરવા પ્રોત્સાહિત કર્યા. આ ૧૫ દિવસીય સઘન વર્કશોપ, ૧૭ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી ચાલશે જેમાં અંતિમ વર્ષ B.Sc.ના વિદ્યાર્થીઓને ૧૨૦ કલાક જેટલું સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી શિક્ષણ આપી સફળ કારકિર્દીના ઘડતર માટે પાયો નાખવામાં આવશે. સમગ્ર ગુજરાતમાં વિવિધ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા કુલ ૧૦૭ વિદ્યાર્થીઓ દ્વારા આ વર્કશોપ માટે નોંધણી કરાવવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન ગણપત યુનિવર્સિટી ગીત સાથે સંગીતમય સૂરમાં થયું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમારા પ્રિયપાત્રનું. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે. તમારો સ્પર્ધાત્મક સ્વભાવ તમે જે પણ સ્પર્ધામાં ભાગ લેશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. આજે શરૂઆતથી અંત સુધી કામના સ્થળે તમને સતત સ્ફૂર્તિનો અનુભવ થાય એવો આ દિવસ છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે અને તેને કારણે તમારો સંબંધ બગડવાની શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દૃઢતામાં વધારો કરો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ સમયગાળો ખરાબ રહેશે આથી તમે શું ખાવ-પીઓ છો તે અંગે સાવચેત રહેજો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

ભારતીય સ્પિનર્સે ઈંગ્લેન્ડની બેઝબોલ વ્યૂહરચનાને ભેદી

# ઈંગ્લેન્ડના પ્રથમ ઈનિંગ્સમાં ૨૪૬ સામે ભારતના ૧/૧૧૯

## અશ્વિન-જાડેજાની ૩-૩, અક્ષર-બુમરાહની ૨-૨ વિકેટ, યશસ્વીના તોફાની ૭૬* રન, ભારત ૧૨૭ રનથી પાછળ




। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૫ ।

ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટના પહેલા દિવસે ગુરુવારે ભારતનો દિવસ દરમિયાન દબદબો રહ્યો હતો. પહેલા સ્પિનરોના જોરદાર પ્રદર્શનના જોરે ઈંગ્લેન્ડને ૨૪૬ રનમાં ઓલઆઉટ કર્યા પછી પ્રથમ દાવમાં એક વિકેટે ૧૧૯ રન બનાવ્યા. યશસ્વી જયસ્વાલે તોફાની શૈલીમાં બેટિંગ કરી અને અડધી સદી ફટકારી અને ૭૬ રન બનાવીને રમતમાં છે, જ્યારે શુભમન ગિલ ૧૪ રન બનાવીને સ્ટમ્પ રમતમાં છે. કેપ્ટન રોહિત શર્મા ૨૪ રન બનાવી જેક લીચનો શિકાર બન્યો હતો. ભારત હવે ઈંગ્લેન્ડથી ૧૨૭ રનથી પાછળ છે અને તેની ૯ વિકેટ બાકી છે.

ભારતીય સ્પિન ત્રિપુટીએ ઈંગ્લેન્ડની 'બેઝબોલ' વ્યૂહરચના બિનઅસરકારક સાબિત કરી અને પ્રથમ ક્રિકેટ ટેસ્ટના પ્રથમ દિવસે પ્રથમ દાવમાં તેમને ૨૪૬ રનમાં આઉટ કર્યા. સવારે સ્ટોક્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ તેના બેટ્સમેનો ભારતીય સ્પિન ત્રિપુટીનો સામનો કરી શક્યા ન હતા. મદદરૂપ પિચ પર, રવિચંદ્રન અશ્વિને ૬૮ રનમાં ૩અને રવિન્દ્ર જાડેજાએ ૮૮ રનમાં ૩વિકેટ લીધી હતી, જ્યારે અક્ષર પટેલ અને જસપ્રિત બુમરાહને ૨-૨ વિકેટ મળી હતી. પ્રથમ બોલથી જ આક્રમક રીતે રમવાની ઈંગ્લેન્ડની 'બેઝબોલ' વ્યૂહરચના, જેના આધારે તેણે તાજેતરના ભૂતકાળમાં અપાર સફળતા હાંસલ કરી છે, તે ક્યાંય જોવા મળતું ન હતું. ભારતીય કેપ્ટન રોહિત શર્મા માટે ત્રણેય સ્પિનરો તરફથી ૬૪.૩ માંથી ૫૨ ઓવર ફેંકી અને તેઓ કેપ્ટનના વિશ્વાસ પર ખરા ઉતર્યા. ઈંગ્લેન્ડના ઓપનર બેન ડકેટ અને જેક ક્રાઉલે પ્રથમ આઠ ઓવરમાં ૪૧ રન બનાવ્યા હતા. અશ્વિને ૧૨મી ઓવરમાં વિંગ ડકેટદ્વારા ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. ડકેટે ૩૯ બોલમાં ૭ ચોગ્ગાની મદદથી ૩૫ રન બનાવ્યા હતા. આ સાથે પ્રથમ વિકેટ માટે ૫૫ રનની ભાગીદારી પણ તૂટી હતી. અશ્વિનનો આ ૧૧મો બોલ હતો. આ પછી જાડેજાએ ૧૪મી ઓવરમાં કેપ્ટન રોહિત શર્માના હાથે પ્રથમ સ્લિપમાં ઓલી પોપને કેચ આઉટ કરાવ્યો હતો. અશ્વિને આગામી ઓવરમાં ક્રાઉલીને પોતાનો ૪૯૨મો ટેસ્ટ શિકાર બનાવ્યો હતો. ક્રોલીએ મોહમ્મદ સિરાજને તેના ફુલ લેન્થ બોલ પર કેચ આપ્યો હતો. ૬૦ રનના સ્કોર પર ૩ વિકેટ પડી ગયા બાદ રૂટ અને બેયરસ્ટોએ બાજી સંભાળી હતી. બંને વચ્ચેની ૬૧ રનની ભાગીદારીને તોડીને અક્ષરે બેયરસ્ટોને પેવેલિયન મોકલ્યો હતો.

સ્પિન ખૂબ જ સારી રીતે રમી રહેલા રૂટે પણ ખૂબ જ ખરાબ રીતે પોતાની વિકેટ ગુમાવી હતી. પૂર્વ કેપ્ટને જાડેજાના ફુલ લેન્થ બોલ પર ખરાબ શોટ રમ્યો હતો અને શોર્ટ ફાઈન લેગ પર જસપ્રિત બુમરાહના હાથે કેચ આઉટ થયો હતો. બેન ફોક્સ ૨૪ બોલમાં ચાર રન બનાવીને અક્ષરનો બીજો શિકાર બન્યો હતો, જેનો કેચ કેએસ ભરતે વિકેટ પાછળ કેચ કર્યો હતો. ટોમ હાર્ટલી (૨૩)ને જાડેજા અને માર્ક વુડ (૧૧)ને અશ્વિન દ્વારા બોલ્ડ કરવામાં આવ્યો હતો જ્યારે રેહાન અહેમદ (૧૩) બુમરાહના બોલ પર કોના ભરતના હાથે કેચ આઉટ થયો હતો. યશસ્વી જયસ્વાલની શાનદાર અડધી સદી સાથે યજમાન ટીમે સારી શરૂઆત કરી હતી. પ્રથમ દિવસની રમતના અંતે ભારતે ૨૩ ઓવરમાં એક વિકેટે ૧૧૯ રન બનાવ્યા હતા. શાનદાર ફોર્મમાં દેખાઈ રહેલો યુવાબેટર જયસ્વાલ ૭૦ બોલમાં ૭૬ રન બનાવીને રમી રહ્યો છે, જેમાં ૯ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે શુભમન ગીલે ૧૪ રન બનાવ્યા છે. ભારતે એકમાત્ર વિકેટ કેપ્ટન રોહિત શર્માના રૂપમાં ગુમાવી જે સ્પિનર જેક લીચના બોલ પર ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સના હાથે કેચ આઉટ થયા બાદ પરત ફર્યો હતો. રોહિતે ૨૭ બોલમાં ત્રણ ચોગ્ગાની મદદથી ૨૪ રન બનાવ્યા હતા.





ભારતીય સ્પિન ત્રિપુટીએ ઈંગ્લેન્ડની 'બેઝબોલ' વ્યૂહરચના બિનઅસરકારક સાબિત કરી અને પ્રથમ ક્રિકેટ ટેસ્ટના પ્રથમ દિવસે પ્રથમ દાવમાં તેમને ૨૪૬ રનમાં આઉટ કર્યા. સવારે સ્ટોક્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ તેના બેટ્સમેનો ભારતીય સ્પિન ત્રિપુટીનો સામનો કરી શક્યા ન હતા.

ભારતનો ટેનિસ સ્ટાર અદ્વીતીય સિદ્ધિ તરફ અગ્રેસર

# રોહન બોપન્ના ઓસ્ટ્રેલિયન ઓપન ડબલ્સની ફાઈનલમાં પ્રવેશ્યો

## બોપન્ના અને એબ્ડેનની જોડીએ થોમસ માચાક અને ઝાંગ ઝિન્ઝેનની જોડીને ૬-૩, ૩-૬, ૭-૬ (૧૦-૭)થી હરાવી

। (એજન્સી) મેલબોર્ન, તા.૨૫ ।

ભારતના દિગ્ગજ ટેનિસ ખેલાડી રોહન બોપન્ના તેનું પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટાઇટલ જીતવાથી માત્ર એક જીત દૂર છે. તે ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડેન સાથે ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪ના મેન્સ ડબલ્સના ફાઈનલમાં પહોંચી ગયા છે. બોપન્ના અને એબ્ડેનની જોડીએ થોમસ માચાક અને ઝાંગ ઝિન્ઝેનની જોડીને સેમિફાઈનલમાં ૬-૩, ૩-૬, ૭-૬ (૧૦-૭)થી હરાવી હતી. લગભગ ૨ કલાક ચાલેલી સેમિફાઈનલ મેચના સુપર ટાઈબ્રેકરમાં બોપન્નાનું અનુભવ કામ આવ્યું હતું.

વર્લ્ડ રેંક્ગિંમાં ઝાંગ ૫૪મા અને માચાક ૭૫મા સ્થાને છે. બંને સિંગલ્સ રેંક્ગિંમાં ટોપ-૧૦૦માં હોવા સાથે ખૂબ સારા ખેલાડીઓ પણ છે અને તેઓએ બોપન્ના અને એબ્ડેનને સખત પડકાર આપ્યો હતો. એક દિવસ પહેલા જ બોપન્નાએ વર્લ્ડ ડબલ્સ રેંક્ગિંમાં ટોચનું સ્થાન સુનિશ્ચિત કર્યું હતું. તેણે મેચમાં જોરદાર સર્વિસ અને સ્ટ્રોકનું પ્રદર્શન કર્યું હતું. પ્રથમ ૨ સેટમાં ટાઈ થયા બાદ બોપન્ના અને એબ્ડેન ત્રીજા સેટની પ્રથમ ગેમમાં ૦-૩૦થી પાછળ હતા પરંતુ બોપન્નાએ તેમની મજબૂત સર્વિસ જાળવી રાખી હતી. ઝાંગ અને માચાકની વચ્ચેથી ક્રોસકોર્ટ પર તેમનો શાનદાર વિનર જોવા લાયક હતો. બોપન્નાએ વિરોધીની સર્વિસ તોડી લીડ મેળવી



લીધી હતી. બોપન્નાનો બેકહેંડ શોટ લાંબો જવા બાદ તે ૧૫-૩૦થી પાછળ થઈ ગયા અને ઝાંગે ક્રોસકોર્ટ પર હોરહેંડ વિનર લગાવ્યો જેથી બોપન્નાને ૨ બ્રેક પોઈન્ટનો સામનો કરવો પડ્યો હતો. બોપન્નાનો બેકહેંડ શોટ બહાર જતો રહ્યો જેના કારણે વિરોધી ટીમે વાપસી કરી.

આગળની ગેમમાં બોપન્ના અને એબ્ડેનને ૩ મેચ પોઈન્ટ્સ મળ્યા. જો કે ચીની ખેલાડીઓએ વાપસી કરતા એક સમયે સ્કોર ૫-૫ કરી દીધો હતો.

એબ્ડેને સર્વિસ જાળવતા ૧૧મા ગેમમાં ૬-૫ની લીડ મેળવી, ત્યાર બાદ તેણે બીજા બ્રેક પોઈન્ટ સાથે મેચ જીતી લીધી હોત, પરંતુ ત્રીજો સેટ ટાઈ થવાને કારણે સુપર ટાઈબ્રેકર થયો હતો. સુપર ટાઈબ્રેકરમાં એબ્ડેને રિટર્ન વિનર સાથે લીડ મેળવી હતી અને બોપન્નાએ ઝાંગના રિટર્ન પર શાનદાર વોલી વિનર સાથે સ્કોર ૭-૫ કર્યો હતો.

મેરી કોમે નિવૃત્તિને લઈને કરી સ્પષ્ટતા

# હું નિવૃત્તિની વાત સામેથી કહી દઇશ : મેરી કોમ

## જ્યારે પણ હું તેની જાહેરાત કરવા માગીશ ત્યારે હું સામેથી વ્યક્તિગત રીતે મીડિયાની સામે આવીશ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઓલિમ્પિક મેડલ વિજેતા મેરી કોમે બોક્સિંગમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો હોવાનો અહેવાલ અધૂરો હોવાનાં સમાચાર સામે આવ્યા છે. મેરી કોમે પોતે નિવૃત્તિની જાહેરાત કરી હોવાનાં સમાચાર આવ્યા હતા જેના પર તેણે પોતે સ્પષ્ટતા કરી છે. મેરી કોમ ૬ વખત વર્લ્ડ ચેમ્પિયન રહી છે. તે ૨૦૧૨ની ઓલિમ્પિક ગેમ્સમાં પણ મેડલ જીતી ચૂકી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેરી કોમ ૪૧ વર્ષની છે અને ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન પુરૂષ અને મહિલા બોક્સરોને માત્ર ૪૦ વર્ષની ઉંમર સુધી જ સ્પર્ધાઓમાં લડવાની મંજૂરી આપે છે.

એક કાર્યક્રમમાં તેણે કહ્યું કે રમતમાં લડવાની અને જીતવાની ભૂખ ચોક્કસ હજુ પણ મારામાં છે. હું વધુ રમવા માંગુ છું. પરંતુ મારી ઉંમરને કારણે મને રમવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. હું લાચાર છું. જોકે આભારની વાત છે કે મેં મારી કારકિર્દીમાં બધું જ હાંસલ કર્યું છે. મેરી કોમે બુધવારે આસામના ડિબ્રુગઢ શહેરમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સમક્ષ તેની નિવૃત્તિની જાહેરાત કરવાનો ઈનકાર કર્યો હતો. તેણીનું સંપૂર્ણ નિવેદન આજે સવારે સ્થાનિક મીડિયાને બહાર પાડવામાં આવ્યું હતું. મીડિયાના મિત્રો, મેં હજી સુધી નિવૃત્તિની જાહેરાત કરી નથી અને મને ખોટી રીતે ટાંકવામાં આવી છે. જ્યારે પણ હું તેની જાહેરાત કરવા માગીશ ત્યારે હું સામેથી વ્યક્તિગત રીતે મીડિયાની સામે આવીશ. હું કેટલાક મીડિયા અહેવાલોમાં જોઈ રહી છું જેમાં કહેવામાં આવ્યું છે કે મેં નિવૃત્તિની જાહેરાત કરી છે, અને આ સાચું નથી. હું ૨૪ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ડિબ્રુગઢમાં એક શાળાના કાર્યક્રમમાં હાજરી આપી રહ્યો હતો જેમાં હું બાળકોને પ્રોત્સાહિત કરી રહી હતી અને મેં કહ્યું હતું કે, “મને હજી પણ રમતમાં ઘણું બધુ હાંસલ કરવાની ભૂખ છે પરંતુ ઓલિમ્પિકમાં વય મર્યાદા મને ભાગ લેવાની મંજૂરી આપતી નથી તેમ છતાં હું મારી રમત ચાલુ રાખી શકું છું. હું હજી પણ મારી ફિટનેસ પર ધ્યાન આપી રહી છું અને જ્યારે પણ હું નિવૃત્તિની જાહેરાત કરીશ, ત્યારે હું બધાને જાણ કરીશ. આ સુધારો કરો. તમને જણાવી દઈએ કે મેરી કોમે બોક્સિંગ ઈતિહાસમાં ઘણા રેકોર્ડ બનાવ્યા છે. મેરી કોમ વિશ્વની પ્રથમ મહિલા બોક્સર છે જેણે ૬ વખત ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. મેરી કોમ ૨૦૧૪ એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા છે. તેણે ૨૦૧૨ લંડન ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૦૦૬માં મેરી કોમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા, ૨૦૦૯માં તેને દેશના સર્વોચ્ચ રમત-ગમત સન્માન રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા હતા. મેરી કોમ સાતમાંથી દરેક ચેમ્પિયનશિપમાં મેડલ જીતનારી એકમાત્ર મહિલા બોક્સર પણ છે. વર્ષ ૨૦૧૮ માં, મણિપુર સરકારે તેમને તેમના અસાધારણ પ્રદર્શન માટે મીથોઈ લિમાના ખિતાબથી સન્માનિત કર્યા. તેમને પદ્મ ભૂષણ, પદ્મશ્રી, અર્જુન એવોર્ડ અને અન્ય ઘણા પુરસ્કારોથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

**વિશેષ** જૂનાગઢ ખાતે ૭૫મા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ એટ હોમ કાર્યક્રમમાં ગણતંત્ર પર્વની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

# ૭૫મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ જૂનાગઢ ખાતે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં એટહોમ કાર્યક્રમ યોજાયો

## એટહોમ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, મુખ્ય સચિવ રાજકુમાર, રાજ્ય પોલીસવડા વિકાસ સહાયની વિશેષ ઉપસ્થિતિ

૭૫મા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે થઈ રહી છે, ત્યારે આ પર્વની પૂર્વ સંધ્યાએ જૂનાગઢ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં એટહોમ કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, રાજ્ય પોલીસવડા શ્રી વિકાસ સહાય વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.



આ તકે રાજ્યપાલશ્રીએ સૌને ૭૫મા પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. એટહોમ કાર્યક્રમમાં સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, દેશ અત્યારે ઉન્નતિના માર્ગે અગ્રેસર બની રહ્યો છે. રામ મંદિરની સ્થાપના સાથે દિવ્ય અને ભવ્ય ભારતના નિર્માણનો સંકલ્પ પણ સાકાર થયો છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, જૂનાગઢ એ પાવન અને ઐતિહાસિક નગર છે. આ નગર ચંદ્રગુપ્ત મૌર્ય અને તેના પૌત્ર અશોકનું રાજ્યનો ભાગ રહ્યું હતું. હજારો વર્ષ સુધી પ્રતાપી રાજાઓના નેતૃત્વમાં આગળ વધતા આ પરંપરા મુગલ શાસન અને અંગ્રેજ શાસન સુધી ફેલાયેલી છે. ગુલામીના કાળખંડમાંથી બહાર લાવવા માટે અને આપણને સ્વતંત્રતા અને મુક્તિ અપાવવા માટે જે ક્રાંતિકારીઓએ પોતાના જીવ અર્પણ કર્યા છે, તેમને યાદ કરવાનો આ અવસર છે. આ ક્રાંતિકારીઓએ પોતાની સુખ સાહ્યબી ત્યાગીને દેશની ગરિમા વધારવા માટે કંટકો ભર્યો મુશ્કેલ માર્ગ પસંદ કર્યો હતો. જેમણે ફાંસીના ફંદાને ચૂમ્યો તેવા ક્રાંતિકારીઓને પ્રણામ કરવાનો અવસર છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારત આજે ચારેય દિશામાં સર્વાંગી વિકાસ કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ છેલ્લા ૧૦ વર્ષથી આંતરમાળખાકીય વિકાસ, શિક્ષણ, ઉદ્યોગમાં અપ્રતિમ વિકાસ સાધી રહ્યો છે. એક સમય એવો હતો કે, જ્યારે આર્મીના ટ્રક આયાત કરવા પડતા હતા, જ્યારે આજે દેશમાં ફાઈટર જેટ, હેલિકોપ્ટર, કાર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, તે દેશની ગૌરવસિદ્ધિ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં તાજેતરમાં સંપન્ન થયેલી વાયબ્રન્ટ સમિટમાં કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થયા છે. ગુજરાત સેમી કન્ડક્ટર ક્ષેત્રે એમ.ઓ.યુ. કરીને નવીન ક્ષેત્રે ખેડાણ કરી રહ્યું છે. ગુજરાતમાં એટ હોમ સમારોહ પ્રતિ વર્ષ જુદા જુદા જિલ્લામાં કરવાની અનોખી પરંપરા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સ્થાપિત કરી હતી. જ્યારે દેશના અન્ય ભાગોમાં આજે પણ માત્ર રાજભવનમાં જ તેની ઉજવણી કરવામાં આવે છે. આ રીતે ગુજરાતે એટ હોમની કાર્યક્રમની ઉજવણી માટે પણ દેશના અન્ય રાજ્યોને રાહ ચીંધ્યો છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભગવાનશ્રી રામ આપણા સૌના પૂર્વજ છે, તેમના જીવનમૂલ્યો આપણા ઘરોમાં અપનાવાય તો અહીં જ સ્વર્ગ બનશે અને સુખ શાંતિની સ્થાપના થશે. આ ભારતીય જીવનદર્શન છે. આજનો સમય ગુલામીની માનસિકતામાંથી ઉપર ઊઠીને, સંસ્કૃતિ, વેશભૂષા, ખાનપાન, જીવનશૈલી પર ગૌરવ કરવાનો સમય છે. તેમણે કહ્યું હતું કે, આજે દેશ જે દિશામાં આગળ વધી રહ્યો છે, એ મંગળકાળ છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેને અમૃતકાળ નામ આપ્યું છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું છે. જૂનાગઢમાં આયોજિત આ ગણતંત્રના અવસરે આપણે એક સંકલ્પ સાથે આગળ વધવાનું છે કે, આપણે ભારતના ગૌરવ અને ગરિમાને વધારીશું, ભારતને આર્થિક મહાસત્તા બનાવીશું, ભારતને આત્મનિર્ભર ભારત બનાવીશું. સમગ્ર ભારત વિકસિત ભારત બને એ માટે આપણે સૌએ આપણી જવાબદારી સમજવી પડશે. રાષ્ટ્રીય પર્વ એ આપણી ખુશીનું અને પ્રતિભા દર્શાવવાનું પર્વ તો છે જ પરંતુ આપણે જ્યાં આજે ઊભા છીએ એનાથી પણ આગળ વધવાનું પર્વ છે. જો આપણે આજે એવું વિચારશું કે, બસ હવે તો વિકાસ થઈ ગયો તો પ્રગતિ અટકી જશે. જેથી આપણે વધુ મહેનત કરી અને આગળ વધવાનું છે. આ તકે મહિલા પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગાનની ધૂનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઉપરાંત પ્રસંગ અનુરૂપ દેશભક્તિની ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સમારોહમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, મેયર શ્રીમતી ગીતાબેન પરમાર, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, અધિક મુખ્ય શ્રી સચિવ શ્રી કમલ દયાની, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ, પ્રવાસન નિગમના એમ.ડી. શ્રી આલોક પાંડે, પ્રભારી સચિવ શ્રી બંછાનિધિ પાની, મુખ્ય વન સંરક્ષક શ્રી આરાધના સાહુ તથા કે. રમેશ, જૂનાગઢ જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, મ્યુનિસિપલ કમિશનર શ્રી રાજેશ તન્ના, રેન્જ આઈ.જી. શ્રી નિલેશ જાજડીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિરાત પરીખ, જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા, ડેપ્યુટી મેયર શ્રી ગીરીશભાઈ કોટેચા, જિલ્લા અગ્રણી સર્વશ્રી કિરીટભાઈ પટેલ, શ્રી પુનિતભાઈ શર્મા, પૂર્વ ધારાસભ્ય સર્વ શ્રી મહેન્દ્ર મશરૂ, શ્રી જવાહરભાઈ ચાવડા, જૂનાગઢ જિલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સંત શ્રી શેરનાથ બાપુ, શ્રી કરસનદાસ બાપુ, શ્રી વિજયદાસજી બાપુ સહિતના વરિષ્ઠ સંતો- મહંતો અને પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### લોકસભાની ચૂંટણી પહેલાં રાજીનામાનો દોર

# વાઘોડિયાના અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહે રાજીનામું આપ્યું

### ધારાસભ્યએ વિધાનસભા સ્પીકરને રાજીનામું સોંપી દીધું

। ગાંધીનગર, તા.૨૫ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ નજીક આવી રહી છે તેમ તેમ પક્ષપલટા અને રાજીનામાનો દોર શરૂ થઈ ગયો છે. હજુ થોડા દિવસ પહેલા જ ગુજરાત કોંગ્રેસના વિજાપુરના ધારાસભ્ય સી.જે. ચાવડાએ રાજીનામું આપ્યું હતું. ત્યારે હવે વાઘોડિયાના અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહે રાજીનામું આપ્યું છે. તેમણે વિધાનસભાના અધ્યક્ષને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે. રાજ્યમાં આજે વધુ એક ધારાસભ્યએ રાજીનામું આપી દીધુ છે. વડોદરાની વાઘોડીયા બેઠકના અપક્ષના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ વિધાનસભા સ્પીકરને મળીને રાજીનામું સોંપી દીધું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તેઓ ફરીથી ભાજપમાં જોડાઈ શકે છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ ન મળતા ધર્મેન્દ્રસિંહે બળવો કર્યો હતો. તેમણે વડોદરાની વાઘોડિયા બેઠક પર અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી, જેમાં તેમનો વિજય થયો હતો. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ આજે રાજીનામું આપતા હવે આ બેઠક પરથી ફરી પેટા ચૂંટણી યોજાશે. ઉલ્લેખનીય છે કે અગાઉ ધર્મેન્દ્રસિંહ ભાજપ માં જ હતા ત્યારે હવે ફરીથી ભાજપમાં જોડાઈ શકે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. એવા પણ અહેવાલ મળી રહ્યા છે કે તેમણે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ સાથે મુલાકાત કરી છે.

### પર્યાવરણની જાળવણી માટે એક નવતર પ્રયાસ

# હિંમતનગરમાં કચરામાંથી પ્લાસ્ટિકનો જથ્થો છુટો પાડી કોલસામાં રૂપાંતરણ કરાશે

### પર્યાવરણને નુકશાન કરતું પ્લાસ્ટિકનો ઉપયોગ થકી કોલસાની અવેજી પૂરી પાડશે

। (એજન્સી) હિંમતનગર, તા.૨૫ ।

સમગ્ર દેશમાં પોલીથીન પ્લાસ્ટિકની લઈને પ્રદૂષણ વધી રહ્યું છે જોકે હિંમતનગર નગરપાલિકા દ્વારા સર્વપ્રથમ આધુનિક પદ્ધતિથી પર્યાવરણની સાનુકૂળ રહે તે રીતે પ્લાસ્ટિકના કચરાને કોલસામાં રૂપાંતરિત કરવાની શરૂઆતનો આ પ્રોજેક્ટને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેને લઈને હિંમતનગર નગરપાલિકાના ડમ્પિંગ વિસ્તાર ખાતે એકઠો થયેલો કચરામાંથી પ્લાસ્ટિકનો જથ્થો છુટો પાડી તેમાં કોલસામાં રૂપાંતરણ થશે. જેને લઈને જમીનમાં થતા પ્રદૂષણને પણ અટકાવી શકાશે, સાથે જ ઈન્ડસ્ટ્રીયલ એકમોમાં આ કોલસો ફ્યુલ એનર્જી તરીકે વપરાશમાં લેવાશે. હવે હિંમતનગર નગરપાલિકા ડંપિગ સાઈટનો કચરામાંથી પ્લાસ્ટિક અલગ કરીને બનાવી રહી છે. કોલસો અને એ કોલસો ઈન્ડસ્ટ્રીઝમાં આપશે. આમ તો વર્ષોથી હિંમતનગર શહેરની ડંપીગ સાઈટ પર લાખ્ખો ટન કચરો પડી રહ્યો છે.અને જેનો લઈને પાલિકા દ્વારા સુરતની એક એજન્સીને ૮૦૦૦ ચો.કી જમીન ભાડે આપી છે. જે જમીનમાં ૭ કરોડના ખર્ચે પ્લાન્ટ રાખવામાં આવ્યો છે. જે ગુજરાતમાં સૌ પ્રથમ પ્લાસ્ટિક મિશ્રિત લાકડાના કોલસા જેવો અને ઝડપી સળગી શકે તેવો કોલસો બનાવવા પ્લાન્ટ શરૂ કરાયો છે. જેનું આજે હિંમતનગરના સાંસદ અને ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આમ તો આ ડંપીગ સાઈટ પર લાખ્ખો ટન કચરો પડી રહ્યો છે. જે પ્લાન્ટ પર લગાવેલ મશીનરીમાં અલગ કરવામાં આવે છે અને ૅંઝમ્ની ગાઈડ લાઈન મુજબ અહિ કેમિકલ નાખી કચરામાથી છુટું પડેલ પ્લાસ્ટિકમાંથી કેમિકલ નાખીને કોલસો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હિંમતનગર પાલિકાના નવા દ્રષ્ટિકોણને કારણે ખાસ તો પર્યાવરણને ફાયદો થશે જ્યારે પ્લાસ્ટિક નિર્મિત કોલસો હિંમતનગર આસપાસમાં ફેકટરીમાં અને ગુજરાતના અન્ય સ્થળે આવેલા નાના ઉધોગોને બળતણના ઉપયોગ માટે અન્ય વિકલ્પો કરતા ઓછા ભાવે આપશે, તો આ ઉપરાંત હિંમતનગર પાલિકાને મહિને ૨૧ હજાર ભાડે પેટે મળશે. જેથી શહેરમાંથી ગંદકી દુર થશે તો આ ઉપરાંત પાલિકાને આર્થીક લાભ પણ મળશે. હિંમતનગર નગરપાલિકા એ સૌ પ્રથમ પર્યાવરણની જાળવણી માટે એક નવતર પ્રયાસ હાથ કર્યો છે અને જેને લઈને શહેરની ગંદકી તો સાફ થશે જ આ ઉપરાંત આર્થિક લાભ પણ મળશે તો સમગ્ર ગુજરાતની નગરપાલિકા દ્વારા આ પ્રકારે કામગીરી કરવામાં આવશે. પર્યાવરણને નુકશાન કરતું પ્લાસ્ટિકનો ઉપયોગ થકી કોલસાની અવેજી પૂરી પાડશે.



ગોમતીપુરમાં પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસ સ્ટાફ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ અને વેપન્સ શો તેમજ સાયબર ક્રાઈમ અવરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

### અગાઉ ૧૯૮૫માં ડબલડેકર બસ એએમટીએસના કાફલામાંથી દૂર કરવામાં આવી હતી

# ૩૮ વર્ષ બાદ અમદાવાદમાં ફરી દોડશે ડબલ ડેકર બસ

। અમદાવાદ, તા.૨૫ ।

૩૮ વર્ષ બાદ અમદાવાદમાં ફરી દોડશે ડબલ ડેકર બસ. આ માટે અમદાવાદ કોર્પોરેશને અંદાજે ૫ કરોડના ખર્ચે છ૭ ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસ ખરીદવાનું નક્કી કર્યું છે. આ બસ ફેબ્રુઆરીના અંત સુધીમાં શહેરના રસ્તાઓ પર દોડતી નજર આવશે. અગાઉ ૧૯૮૫માં ડબલડેકર બસ એએમટીએસના કાફલામાંથી દૂર કરવામાં આવી હતી. ડબલ ડેકર બસ ખરીદવા માટે છસ્ઝ્રએ ટેંડર પણ બહાર પાડ્યા છે. કોંટ્રાક્ટરોએ ૧ ફેબ્રુઆરી સુધીમાં ટેંડર ભરવાનું રહેશે. ૬ ફેબ્રુઆરી સુધીમાં પહેલી બસ અને ૨૮ ફેબ્રુઆરી સુધીમાં તમામ બસ સપ્લાય કરવાની શરત મૂકવામાં આવી છે.ડબલ ડેકર બસ કયા રૂટ પર દોડાવાશે તેની જાહેરાત એએમટીએસના બજેટમાં થવાની શક્યતા છે. ડબલ ડેકર બસમાં ૬૦થી ૬૫ પેસેન્જરની કેપિસીટી હશે. શહેરમાં અગાઉ લાલ દરવાજા, પાલડી, આશ્રમ રોડ, કોટ વિસ્તાર સહિતના વિસ્તારોમાં ડબલ ડેકર બસ દોડતી હતી. નોંધનીય છે કે, વિદેશની જેમ અમદાવાદમાં પણ ડબલ ડેકર બસો દોડતી જોવા મળશે. હકિકતમાં એએમસી અમદાવાદમાં આ બસો દોડવવાની યોજના બનાવી રહી છે.

### સુરેન્દ્રનગર પંથકના ખંપાળીયા ગામની ઘટના

# કોલસાની ખાણમાં ભેખડ ધસી, ૪ લોકોના મોતની આશંકા

### મળતી માહિતી અનુસાર આ ખાણ ગેરકાયદેસર હોવાની શક્યતા છે મૃતકોમાં ત્રણ પુરુષ અને એક મહિલા હોવાનું સામે આવ્યુ છે

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૫ ।



સુરેન્દ્રનગરમાં કોલસાની ખાણમાં ભેખડ ધસી પડવાની ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગર પંથકના ખંપાળીયા ગામમાં કોલસાની ખાણમાં હતી. જે દરમિયાન ભેખડ ધસી પડ્તા દુર્ઘટના થઈ છે. જેમાં ૪ લોકોના મોતની આશંકા છે. મળતી માહિતી અનુસાર આ ખાણ ગેરકાયદેસર હોવાની શક્યતા છે. મૃતકોમાં ત્રણ પુરુષ અને એક મહિલા હોવાનું સામે આવ્યુ છે. સુરેન્દ્રનગરમાં કોલસાની ખાણમાં ભેખડ ધસી પડવાની ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગર પંથકના ખંપાળીયા ગામમાં કોલસાની ખાણમાં હતી. જે દરમિયાન ભેખડ ધસી પડ્તા દુર્ઘટના થઈ છે. જેમાં ૪ લોકોના મોતની આશંકા છે. મળતી માહિતી અનુસાર આ ખાણ ગેરકાયદેસર હોવાની શક્યતા છે. મૃતકોમાં ત્રણ પુરુષ અને એક મહિલા હોવાનું સામે આવ્યુ છે. આ કોલસાની ખાણ પર સરા જિલ્લા પંચાયત બેઠકના સભ્યના પતિની માલિકીની હોવાની ચર્ચાઓ છે.

### વધુ એક ખૂની ખેલ ખેલાયો

# ઓલપાડમાં અજાણ્યા ઈસમોએ યુવકને ચપ્પુથી રહેંસી નાંખ્યો

### આ ઘટનામાં સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાના કોલર સુધી પહોંચવા પોલીસે ચક્રોગતિમાન કર્યા હતા

। (એજન્સી) ઓલપાડ, તા.૨૫ ।

સુરત જિલ્લામાં વધુ એક ખૂની ખેલ ખેલાયો હતો. ઓલપાડમાં જમીન દલાલી સાથે જોડાયેલ એક યુવકની અજાણ્યા ઈસમોએ ચપ્પુના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાને પગલે સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી. આ ઘટનામાં સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાના કોલર સુધી પહોંચવા પોલીસે ચક્રોગતિમાન કર્યા હતા. સુરત જિલ્લામાં છેલ્લા પાંચ દિવસમાં વધુ એક હત્યાની ઘટના બનવા પામી હતી. ઓલપાડ ટાઉનના પરા વિસ્તારમાં રહેતા અને જમીન દલાલી કરતા અંજર મલેક નામના યુવકની તેના ઘરની બાજુના ઘરમાં હત્યા કરેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી. સ્થળ પર પોલીસ તપાસ કરતા યુવકની હત્યા ચપ્પુના ઘા ઝીંકી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ યુવકના મૃતદેહ પાસેથી એક રિવોલ્વર પણ મળી આવી હતી. જુવાન જોધ દિકરાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા થતા પરિવાર શોકમાં ડૂબી ગયો છે. બનાવને પગલે હાલ જીંૃ,ન્ઝ્રમ્ સહિતનો પોલીસ સ્ટાફ તપાસમાં લાગી ગયો છે. બનાવ સ્થળ નજીકથી સીસીટીવી ફૂટેજ પણ મળી આવ્યા છે. જેમાં મૃતક અંજર મલેક કાર લઈને આવી રહ્યો છે. અને બાદમાં પહેલાથી જ ઘરમાં હાજર હત્યારાઓ થોડીવાર પછી બાઈક લઈને ભાગતા હોવાનું માલુમ પડી રહ્યુ છે.

### જીએસટી વિભાગે જીએસટીના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો

# કરોડો રૂપિયાનું કૌભાંડ આચરનાર કૌભાંડી પોલીસ જાપ્તામાંથી નાસી છૂટ્યો

### તેણે કુદરતી હાજતે જવાનું કહીને ટોઇલેટમાં ગયો હતા ટોઇલેટમાં ગયા બાદ તે બારી કૂદીને નાસી છૂટ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

કરોડો રૂપિયાનું કૌભાંડ આચરનાર કૌભાંડી પોલીસ જાપ્તામાંથી નાસી છૂટતા ચકચાર મચી ગઈ છે. કૌભાંડીને છાતીમાં દુખાવો થતો હોવાથી તેને જીએસટી વિભાગના અધિકારીઓ યુએન મહેતા હોસ્પિટલમાં લાવ્યા હતા. જ્યાં તેણે કુદરતી હાજતે જવાનું કહીને ટોઇલેટમાં ગયો હતો. ટોઇલેટમાં ગયા બાદ તે બારી કૂદીને નાસી છૂટ્યો હતો. સુરતમાં આવેલા નૂતન રો-હાઉસમાં રહેતા અને જીએસટી વિભાગમાં સહાયક રાજ્યવેરા કમિશનર તરીકે ફરજ બજાવતા નિશિત ચૌધરીએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં આસિફ ડોલા નામના યુવક વિરૂદ્ધ પોલીસ જાપ્તામાંથી નાસી જવાની ફરિયાદ કરી છે. નિશિત ચૌધરી હાલ જીએસટી વિભાગનું કામ હોવાથી તે અમદાવાદના આશ્રમરોડ ખાતે આવેલી રાજ્ય કર ભવનમાં કામગીરી કરી રહ્યા છે. જીએસટી વિભાગે જીએસટીના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો, જેમાં ભાવનગરમાં રહેતા આસિફ હારૂન ડોલા ઉર્ફે આસિફ તેલીયાની ધરપકડ કરી હતી. આસિફ ડોલાએ આર્થિક રીતે નબળા, ઓછુ ભણેલા, નાણાકીય જરૂરિયાતમંદ લોકોને રૂપિયા કમાવવાની લાલચ આપીને તેમજ ખોટી માહિતીઓ આપીને તેમના આધારકાર્ડ, પાનકાર્ડ લઈ લીધા હતા અને ત્યારબાદ આધારકાર્ડમાં અપડેટ કરાવેલા મોબાઈલ નંબરનો ડેટાસેટ તૈયાર કરીને બીજા વ્યકિતઓને વેચી દીધો હતો. લોકોના બોગસ ડેટાના આધારે કૌભાંડીયાઓએ બોગસ જીએસટીનું રજિસ્ટ્રેશન મેળવી લીધું હતું અને બાદમાં બોગસ બિલિગની પ્રવૃતિ કરતા હતા. સરકારને મોટું નુકસાન થતું હોવાના કારણે ગઈકાલે જીએસટી વિભાગે આસિફ ડોલાની ધરપકડ કરી હતી. આસિફ ડોલાની ધરપકડ કરીને તેને વીએસ હોસ્પિટલમાં મેડીકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યો હતો.









માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨